## તંત્રીલેખ

**વર્ષ : ૯૫, અંક : ૧૨, માર્ચ, ૨૦૧૭**

શ્રી લલિત ત્રિવેદીના શબ્દો છે :

*"કાચા પોચાનું અહીંયા કામ નથી,*
*માટી પગ્ગાનું અહીંયા કામ નથી,*
*બીડું ઉઠાવવાનું છે, મિત્રો !*
*છાતીહીણાનું અહીંયા કામ નથી !!"*

પ્રજાપતિઓ માટે પણ આવું જ લાગતું હતું કે ગુજરાતના પ્રજાપતિ યુવકોના ભણતર માટે અમદાવાદ શહેરમાં આવું વિરાટ છાત્રાલય થઈ શકશે નહિ. પણ ગુજરાતભરના અને પરદેશમાં રહેતા પ્રજાપતિઓના વિશ્વાસ, ધગશ અને હિંમતથી આ છાત્રાલય હવે સાકાર થઈ શક્યું છે. પ્રજાપતિ દાનવીરોની સાથે સાથે શિક્ષણ પ્રત્યે સજાગતા રાખનાર સૌનો સહકાર આ માટે મદદરૂપ થયો છે, તે આનંદની વાત છે.

'પ્રજાપતિ' માસિક પત્રની સરકારી નિયમો અનુસાર અમુક મર્યાદા છે. તેથી માહિતી મોકલનાર મિત્રોને વિનંતી કે જે તે માહિતી / સમાચારનું અને ત્યાં સુધી પોતાનું લખાણ ટૂંકમાં સુવાચ્ય અક્ષરે મોકલવું. બિનજરૂરી અને લાંબી વિગત મોકલવી નહિ. ઘણા લેખનો ભરાવો થયો હોઈ લેખકોએ પોતાના લેખ / વાર્તા વગેરે મોકલવાનું હમણાં મોકુફ રાખવું. અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવતી નથી. બની શકે તો લેખ મોકલતા પહેલાં તંત્રીનો ફોનથી સંપર્ક કરવો. નાણાકીય બાબત અંગે મંત્રીશ્રીને પૂછપરછ કરવા વિનંતી છે. આપના સહકારની અપેક્ષા છે.

— તંત્રી





# આવકાર... અભિનંદન...



## શુભેચ્છા સહ અભિનંદન

**શ્રી નિસર્ગ નામાંકિતકુમાર પ્રજાપતિ**

**મૂળવતન : સોલૈયા, તા. માણસા, જિ. ગાંધીનગર.**
**હાલ : ૪૩, સંસ્કૃતિ બંગ્લોઝ, હોલી ચાઈલ્ડ સ્કૂલ પાસે, પંચવટી, કલોલ (ઉ.ગુ.), જિ. ગાંધીનગર.**

શ્રી નિસર્ગ નામાંકિતકુમાર પ્રજાપતિ (જ.તા. ૨૫-૫-૯૪) ટામોર્ક યુનિવર્સિટી, ટેક્ષાસ, યુ.એસ.એ. ખાતે એમ.એસ. ઈન મિકેનિકલ એન્જિનિયરીંગમાં અભ્યાસ કરી રહ્યા છે. અભિનંદન.

તેમના દાદા શ્રી નાથુભાઈ સેંધારામ પ્રાજપતિ મોખાસણ, તા. કલોલની હાઈસ્કૂલમાં એક ધારી ૩૦ વર્ષની આચાર્ય તરીકેની સેવા બજાવી રીટાયર્ડ થયા પછી યુ.એસ.એ. ખાતે તેમના ધર્મપત્નિ શ્રીમતી હીરાબેન સાથે ૧૭ વર્ષ રહી પરત આવ્યા છે. તેઓશ્રી ગુજરાત પ્રજાપતિ સમાજ સંચાલિત નવનિર્મિત છાત્રાલયમાં રૂા. ૨,૫૧,૦૦૦/- (બે લાખ એકાવન હજાર રૂપિયા) નું દાન આપી રૂમ દાતા બન્યા છે.

ચિ. નિસર્ગના પિતા શ્રી નામાંકિત નાથુભાઈ પ્રજાપતિ તેમજ તેમના ધર્મપત્નિ શ્રીમતી કિરણબેન દુબઈની સફરે જઈ આવ્યા પછી હાલ યુ.એસ.એ.ની સફરે ઉપડી ગયા છે. તેમનો નાનો સુપુત્ર ચિ. શૈશવ (જ.તા. ૨૨-૧૦-૯૬) બી.ફાર્મના છઠ્ઠા સેમેસ્ટરમાં નિરમા યુનિવર્સિટી, અમદાવાદમાં અભ્યાસ કરી રહ્યો છે.

શ્રી નાથુભાઈ એસ. પ્રજાપતિના નાના સુપુત્ર શ્રી ધનેશકુમાર તથા તેમના ધર્મપત્નિ શ્રીમતી જયશ્રીબેન હાલ ક્રેસન્ટ સીટી, કેલીફોર્નિયા, યુ.એસ.એ. ખાતે સુપર એઈટ મોટેલ અને વેસાઈડ લીકર સ્ટોર્સનું સફળ સંચાલન કરી રહ્યા છે.

તેમનો સુપુત્ર ચિ. ધવલ ધો. ૧૦ માં અને સુપુત્રી ચિ. પ્રિયા ધો. ૮ માં અભ્યાસ કરી રહ્યા છે.

શ્રી નાથુભાઈના બંને દીકરાઓ તેમના ફેમીલી સાથે યુ.એસ.એ. ખાતે વેલસેટ થયા છે. આમ, સમગ્ર કુટુંબ શિક્ષણપ્રેમી, મિતભાષી, નિષ્ઠાવાન, સમાજ હિતચિંતક, ઉદાર સદ્‌ભાવના, સદાચાર યુક્ત, પ્રગતિશીલ માનસ ધરાવતું છે. તેમના તરફથી ગુજરાત પ્રજાપતિ સમાજને રૂા. ૫૦૦/- (પાંચસો રૂપિયા) નું દાન મળેલ છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે. સમગ્ર કુટુંબની સેવાઓનો લાભ સમાજને મળતો રહે અને તેમની ઉત્તરોત્તર પ્રગતિ થાય એમ ગુજરાત પ્રજાપતિ સમાજ ઝંખે છે અને સર્વને શુભેચ્છા સહ અભિનંદન પાઠવે છે.

**(સંકલન : પ્રોફેસર ભીખુભાઈ એમ. પ્રજાપતિ)**



## આજીવન સભ્ય

### શ્રી મુકેશકુમાર નારાયણભાઈ પ્રજાપતિ

**મૂળવતન : સુબાપુરા, તા. રાધનપુર, જિ. મહેસાણા.**
**હાલ : સત્યનારાયણ મંદિરની ચાલી,**
**હેડ પોસ્ટ ઓફીસ સામે, મુ.પો. કલોલ, જિ.**
**ગાંધીનગર-૩૮૨૭૨૧.**
**મો. ૯૯૦૪૦૫૭૩૯૬**

શ્રી મુકેશકુમાર નારાયણભાઈ પ્રજાપતિ એસ.એસ.સી. પાસ છે અને પોતાની આગવી સૂઝબુઝથી ટેલરીંગનો વ્યવસાય કરે છે. કલોલના વેપારીજીનમાં ઉમિયા કોમ્પ્લેક્ષમાં ''ગંગામૃત ટેલર્સ''ના નામે ટેલરીંગનો વ્યવસાય કરે છે. તેઓ ઉત્સાહી, નિષ્ઠાવાન, મિતભાષી, સેવાભાવી, સમાજ હિતચિંતક અને ધર્મપરાયણ છે.

તેમના પરિવારમાં ધર્મપત્ની શ્રીમતી ઉર્મિલાબેન ધો. ૭ પાસ છે. તેઓ પ્રેમાળ, દયાળુ, ઉદાર ચરિત, સંસ્કારી, સદ્‌ગુણી, ધર્મપરાયણ આદર્શ ગૃહિણી છે. સંતાનમાં તેમને બે બાળકો છે. મોટી પુત્રી સાક્ષી ધો. ૮ માં અભ્યાસ કરે છે. પુત્ર યશ ધો. ૫ માં અભ્યાસ કરે છે.

તેમના નાનાભાઈ શ્રી જયેશભાઈ નારાયણભાઈ પ્રજાપતિ ધો. ૧૨ પાસ છે અને છત્રાલ જી.આઈ.ડી.સી.માં મોટર રિવાઈન્ડીંગનો વ્યવસાય કરે છે. તેમનાં ધર્મપત્નિ શ્રીમતી આશાબેન સુશીલ અને આદર્શ ગૃહિણી છે. તેમને બે સંતાન છે. મોટી પુત્રી કુ. હેતાલી ધો. ૬ માં અભ્યાસ કરે છે. પુત્ર તક્ષ ધો. ૨ માં અભ્યાસ કરે છે.

તેમના પિતા શ્રી નારાયણભાઈ કરમશીભાઈ પ્રજાપતિ ઓલ્ડ એસ.એસ.સી. પાસ છે અને ભારત સંચાર નિગમ લિ. (બી.એસ.એન.એલ.) માં ટેલિફોન મિકેનિક તરીકે સેવાઓ આપી તા. ૩૧-૧૨-૨૦૧૪ના રોજ રિટાયર્ડ થયેલ છે અને શ્રી કલોલ શહેર-તાલુકા પેન્શનર મંડળ કલોલના કારોબારી સભ્ય તરીકે તથા સરદાર બાગ લાફીંગ ક્લબ, કલોલના મેમ્બર તરીકે કાર્યરત છે. તેઓ સ્વભાવે મિલનસાર, હસમુખા, સમાજ હિતચિંતક અને ધર્મપરાયણ છે. તેમનાં ધર્મપત્નિ શ્રીમતી ગંગાબેન ગંગા જેવા પવિત્ર છે. નિરક્ષર હોવા છતાં હૈયા ઉકલત અને કોઠાસૂઝ ધરાવનાર સંસ્કારી ગૃહિણી છે.

આમ શ્રી મુકેશભાઈ નારાયણભાઈ પ્રજાપતિનો સમગ્ર પરિવાર ખૂબ જ ધાર્મિક, ઉદાર, સંસ્કારી, મિલનસાર અને સમાજ હિતચિંતક છે. સમાજ તેમની ઉત્તરોત્તર પ્રગતિ ઝંખે છે. તેઓ ગુજરાત પ્રજાપતિ સમાજના આજીવન સભ્ય બન્યા છે તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

**(સંકલન : શ્રી મંગળભાઈ માધવલાલ પ્રજાપતિ, ચરાડા)**







### શ્રી નારાયણભાઈ વિઠ્ઠલદાસ પ્રજાપતિ

**મૂળવતન : બિલોદરા, તા. માણસા, જિ. ગાંધીનગર.**
**હાલ : ૮, કવિતા સોસાયટી, અંકિત વિદ્યાલય પાછળ,**
**પંચવટી વિસ્તાર, મુ.પો. કલોલ, જિ. ગાંધીનગર.**
**ફોન : ૦૨૭૬૪-૨૨૯૧૨૯ મો. ૯૪૨૬૬૧૪૯૭૭**

શ્રી નારાયણભાઈ વિઠ્ઠલદાસ પ્રજાપતિની જન્મ તા. ૧-૬-૧૯૫૬ છે અને ઓલ્ડ એસ.એસ.સી. પાસ છે. તેઓ ઓ.એન.જી.સી.માં ડાયરેક્ટર સુપ્રિન્ટેન્ડેન્ટ એન્જિનિયર (પ્રોડક્શન), ડેપ્યુ.એસ.ઈ. (પ્રા.) પદે રહી સંનિષ્ઠ સેવા બજાવી તા. ૩૧-૫-૨૦૧૬ના રોજ વયનિવૃત્ત થયા છે અને પરિવાર સાથે રિટાયર્ડ જીવન આનંદથી ગુજારે છે. તેઓ મિલનસાર, કર્મઠ, નિષ્ઠાવાન, નિર્મોહી, સેવાભાવી, સમાજ હિતચિંતક, શિક્ષણપ્રેમી અને ઉદારદિલ દાતા છે. તેઓ શ્રી કલોલ છોત્તેર ગોળ પ્રજાપતિ મંડળમાં ખજાનચી પદે રહી સક્રિય કામગીરી બજાવી રહ્યા છે.

તેમના પરિવારમાં ધર્મપત્ની શ્રીમતી લીલાબેન ધો. ૭ પાસ છે. તેઓ સંસ્કારી, પરગજુ, ધર્મપરાયણ, કુટુંબ વત્સલ આદર્શ ગૃહિણી છે.

સંતાનમાં તેમને બે પુત્રો છે. જ્યેષ્ઠ પુત્ર શ્રી સુનિલભાઈ નારાયણભાઈ પ્રજાપતિ (જ.તા. ૮-૧૦-૮૬) બી.સી.એ. છે અને તેઓ કુંવારા છે. બી.સી.એ. નેટવર્કનું કામ કરે છે. બીજા પુત્ર શ્રી અંકિતકુમાર નારાયણભાઈ પ્રજાપતિ કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કરી વધુ અભ્યાસ માટે અમેરિકાના શિકાગોમાં સ્થાયી થયા છે. તેઓ પણ કુંવારા છે.

બંને પુત્રો સંસ્કારી, સુશિક્ષિત, મિલનસાર અને સમાજપ્રેમી છે.

'અમે બે, અમારાં બે' ના સૂત્રને સાર્થક કરનાર શ્રી નારાયણભાઈ વિઠ્ઠલદાસ પ્રજાપતિનો સમગ્ર પરિવાર ખૂબ જ ધાર્મિક, માયાળુ, ઉદાર અને સમાજપ્રેમી છે. સમાજ તેમની ઉત્તરોત્તર પ્રગતિ ઝંખે છે. તેઓ સમાજના આજીવન સભ્ય બન્યા છે. ખૂબ ખૂબ ધન્યવાદ.

**(સંકલન : શ્રી મંગળભાઈ માધવલાલ પ્રજાપતિ)**

**બાળક એટલે.....?**

બાળક એટલે...
- સ્વતંત્રતાનો સાચો સ્તંભ
- આદર્શનો ખજાનો
- શિક્ષણનો સૃષ્ટા
- આવતી કાલનો જવાહીર
- સંસ્કારનો શણગાર
- બુદ્ધિનું બજાર
- સાદાઈની સૃષ્ટિ
- સત્યનો શોધક
- આઝાદીનો અવાજ
- પ્રયોગોનો પથિક
- કલાનો કારીગર
- નીડર સૈનિક
- સ્વતંત્ર ભારત
- શિક્ષકની પ્રયોગભૂમિ
- સાચો શિક્ષક



## કાયમી મિષ્ઠાન તિથિ ભોજનદાન

**સ્વ. સમુબેન ધૂળાભાઈ પ્રજાપતિ**

**મૂળવતન : ગેરીતા**

**હાલ : એ-૨૦૧, સુયોજન એપાર્ટમેન્ટ,**
**સોલા ભાગવત પાસે, અમદાવાદ-૩૮૦૦૬૧.**

સ્વ. ધુળાભાઈ લવજીભાઈ પ્રજાપતિના ધર્મપત્ની ગં.સ્વ. સમુબેન ધુળાભાઈ પ્રજાપતિ સંત ૨૦૭૨ ભાદરવા વદ બારસ તા. ૨૭-૯-૨૦૧૬ ના રોજ સ્વર્ગવાસી થયાં. તેઓ પોતાના પતિ ધૂળાભાઈ સાથે વતન છોડી માટીકામના વ્યવસાય માટે બાવળા આવીને વસ્યા. સમુબાએ સખત મહેનત, સાહસી અને કોઠાસૂઝથી જીવન આગળ ધપાવ્યું. તેમણે પોતાની નાની ઉંમરે વિધવા થવાની દરકાર નહિ રાખીને ભક્તિભાવ, સંસ્કાર અને સેવાભાવી સ્વભાવથી જીવન આગળ ધપાવ્યું.

સ્વ. સમુબાના મોટા સુપુત્ર નારણભાઈ ધૂળાભાઈએ પણ પોતાની આગવી સૂઝ, નિષ્ઠા અને પુરુષાર્થથી શન્યમાંથી સર્જન કરી સફળ વેપારી તરીકે નામના મેળવી અને મુશ્કેલીઓનો સામનો કરી કુટુંબને આગળ લાવવા સફળતા મેળવી.

નારણભાઈના ધર્મપત્ની શાંતાબેને બાવળા કન્યા શાળામાં શિક્ષિકા અને પછી આચાર્યા તરીકે સફળ ફરજ બજાવી. તેઓ સંસ્કારી, સેવાભાવી અને ધર્મનિષ્ઠ રહી હાલ સેવા નિવૃત્તિ ભોગવે છે.

નારણભાઈના જયેષ્ઠ પુત્ર ગૌતમભાઈ બી.ઈ. (સીવીલ) છે. પોતાની વિદ્વતા અને બાહોશતાથી તેઓ કન્સ્ટ્રકશનનો વ્યવસાય (અનેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર) ચલાવે છે. ગૌતમભાઈના ધર્મપત્ની જાગૃતિબેન બી.કોમ. થઈને હાલ આદર્શ ગૃહિણી તરીકે ફરજ બજાવે છે. ગૌતમભાઈની એક પુત્રી અનેરી ધો. ૧૦ માં તથા પુત્ર ધ્રુવિન ધો. ૮ માં અભ્યાસ કરે છે. નારણભાઈના નાના પુત્ર ડૉ. અજયભાઈ (એમ.ડી.) (મેડીસીન) ની ડિગ્રી મેળવીને હાલ અમદાવાદના ઘાટલોડીયા વિસ્તારમાં પોતાની શ્રદ્ધા હોસ્પિટલ ધરાવીને સફળ તબીબ તરીકે વિખ્યાત થયેલ છે. ડૉ. અજયભાઈના ધર્મપત્ની આરતીબેન બી.કોમ.ની ડિગ્રી સાથે આદર્શ ગૃહિણી તરીકે ફરજ બજાવે છે. ડૉ. અજયભાઈની બે પુત્રીઓ પૈકી મોટી પુત્રી એન્જલ ધો. ૨ માં અને નાની પુત્રી યામી નર્સરીમાં અભ્યાસ કરે છે.

નારણભાઈના સુપુત્રી રાજેશ્વરીબેન પણ પ્રાથમિક શિક્ષિકા તરીકે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં સેવા આપે છે તથા જમાઈ પી. બી. પ્રજાપતિ (એમ.ઈ.) (સીવીલ) ની ડીગ્રી સાથે પોલિટેકનિકમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. સુપુત્રી રાજેશ્વરીબેનનો એક ભાણો ડૉ. ચિંતન દિલ્હી એઈમ્સમાં ન્યુરો સુપર સ્પેશ્યાલીટી (ડી.એમ.ન્યુરો) નો અભ્યાસ કરે છે તથા ભાણી કુ. રવિના નિરમા યુનિ.માં એમ.ટેક. કરે છે. બંને અપરણિત છે.

સ્વ. સમુબેનના નાના પુત્ર જગદીશભાઈ ધૂળાભાઈ પ્રજાપતિ કુશળ વેપારી અને





તેમનાં ધર્મપત્ની આશાબેન આદર્શ ગૃહિણી છે. જેમના પુત્રો પૈકી મોટા પુત્ર વિરેન્દ્ર તથા નાના પુત્ર ચેતન બાવળામાં પોતાના હોન્ડા ટુ વ્હીલરનો શો રૂમ ધરાવે છે. વિરેન્દ્રના ધર્મપત્ની ભાવનાબેન બી.એ.બી.એડ્. છે. તેમને એક પુત્ર અને પુત્રી છે. ચેતનભાઈના ધર્મપત્ની આરતીબેન પણ બી.એડ. સુધીનો અભ્યાસ કરેલ છે. તેઓ આદર્શ ગૃહિણી છે.

આમ, સ્વ. સમુબેનના જીવન ભરના સહયોગથી તેમના કુટુંબનું ભવિષ્ય પણ પ્રેરણાદાયી બની શક્યું છે. સ્વ. સમુબેનના પરિવાર તરફથી છાત્રાલયના છાત્રોને મિષ્ઠાન તિથિ ભોજન માટે રૂા. ૫૦૦૦/- (પાંચ હજાર) નું દાન મળેલ છે. સ્વ. સમુબાના આત્માને પ્રભુ ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના સહ આ દાન માટે ગુજરાત પ્રજાપતિ સમાજ સાભાર આભાર માને છે.



**સ્વ. મફતભાઈ સોમાભાઈ પ્રજાપતિ**

**મૂળવતન : વડસ્મા**

**હાલ : ૫, શ્રી પ્રસાદ સુમેરૂ સોસાયટી, સ્વામિનારાયણ ફ્લેટ સામે, રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦.**

**ફોન : ૨૭૫૨૬૭૯૦ મો. ૯૪૨૬૭૨૦૧૮૩**

શ્રી મફતભાઈ સોમાભાઈ પ્રજાપતિ શૂન્યમાંથી સર્જન કરનાર, નિષ્ઠાવાન, શિક્ષણપ્રેમી, માયાળુ, કર્મઠ, સેવાભાવી અને ધર્મપરાયણ હતા. ગુજરાત ઇલેક્ટ્રીક સીટી બોર્ડ, ઉકાઈ આસી. એન્જિનિયર તરીકે સુદીર્ઘ સેવાઓ બજાવીને નિવૃત્ત થયા હતા. તા. ૨-૬-૨૦૧૬ સંવત ૨૦૭૨ ના જેઠ સુદ-૬ ને ગુરૂવારના રોજ પરલોકવાસી થયેલ. તેમના પરિવારમાં ધર્મપત્ની ગં.સ્વ. ભાનુબેન મફતભાઈ પ્રજાપતિ માયાળુ, પરગજુ, મિલનસાર અને ધર્મપરાયણ છે. પુત્ર શ્રી ભુપેશભાઈ મફતભાઈ પ્રજાપતિ ઉત્સાહી, નિષ્ઠાવાન છે. જી.ઈ.બી. ઓઢવ, અમદાવાદ ખાતે સર્વિસ કરે છે. પુત્રવધુ શ્રીમતી પારૂલબેન ભૂપેશભાઈ પ્રજાપતિ શિક્ષિત, સંસ્કારી છે. તેઓ ગોધરા ખાતે શિક્ષિકા તરીકે નોકરી કરે છે. પૌત્રી ખ્યાતિબેન ભુપેશભાઈ કોમ્પ્યુટર એન્જિનિયર થયેલ છે. પૌત્ર પાર્થ ધો. ૮ માં અભ્યાસ કરે છે. પુત્રીઓમાં દર્શનાબેન બી.ઈ. ઇલેક્ટ્રીકલ એન્જિનિયર થઈને હાલ યુ.એસ.એ.માં છે. બીજી પુત્રી પ્રજ્ઞાબેન નર્સીંગ કરીને હાલ બેંગ્લોરમાં છે. ત્રીજી પુત્રી હેતલબેન મેટલ એન્જિનિયર થઈને હાલ જાપાન છે.

તેમના પરિવાર તરફથી છાત્રાલયના છાત્રોને કાયમી મિષ્ઠાન તિથિ ભોજનદાન આપવા સારું રૂા. ૫૦૦૦ (પાંચ હજાર) નું દાન મળેલ છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે. સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અને કુટુંબીજનોને દુઃખ સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ આપે તે માટે ગુજરાત પ્રજાપતિ સમાજ પ્રાર્થના કરે છે.

સ્વર્ગવાસ : સંવત ૨૦૭૨ જેઠ સુદ-૬ તા. ૨-૬-૨૦૧૬

**(સંકલન : શ્રી મધુકાન્ત પી. પ્રજાપતિ)**

# અભિનંદન

## પ્રોફેસર ડૉ. બાબુલાલ અંબારામ પ્રજાપતિ
## હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના કુલપતિ તરીકે નિયુક્ત થવા બદલ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પૂર્વ કુલપતિ અને ઉપકુલપતિ તેમજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના કુલપતિ (કા.) અને ઉપકુલપતિ તરીકે કામગીરી બજાવનાર મૂળ સેવાળા, તા. ચાણસ્માના વતની છે. કોલેજ કાળનો અભ્યાસ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદમાં પૂર્ણ કરી સરદાર પટેલ યુનિવર્સિટીમાં પ્રથમ વ્યાખ્યાતા તરીકે બી.બી.એ. કોલેજ સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ અને ત્યારબાદ સરદાર પટેલ યુનિવર્સિટીના જી.એચ. પટેલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ બીઝનેસ મેનેજમેન્ટમાં રીડર ઈનફાયનાન્સ (એમ.બી.એ. વિભાગ) માં સેવાઓ આપી વર્ષ ૧૯૯૬માં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં પ્રોફેસર તરીકે જોડાઈ એસ.કે.સ્કૂલ ઓફ બીઝનેસ મેનેજમેન્ટના પ્રથમ વડા તરીકે વિભાગની સ્થાપના કાળથી અહમ ભૂમિકા ભજવી રહ્યા છે.

સમગ્ર દેશની મેનેજમેન્ટની અપેક્ષા સંસ્થા એસોસીએશન ઓફ ઈન્ડિયન મેનેજમેન્ટ સ્કૂલ્સની કારોબારી સમિતિના સભ્ય તથા વેસ્ટર્ન ઈન્ડીયના રીજીયોનલ કો-ઓર્ડીનેટર તરીકે કામગીરી સંભાળેલ છે.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કારોબારી સભ્ય ડીન-મેનેજમેન્ટ વિદ્યાશાખા, સેનેટ સભ્ય, નાણા સમિતિ, સભ્ય-એકેડેમિક કાઉન્સિલ વગેરે પદો પર યોગદાન આપે છે. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ તથા બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદમાં કુલપતિશ્રીની નિયુક્તિ માટેની સર્ચ સમિતિમાં કામ કરેલ છે.

સમગ્ર દેશના વિવિધ રાજ્યોમાં આવેલી ૧૦૦ થી વધારે કોલેજો તથા ૨૦ થી વધુ યુનિવર્સિટીઓમાં નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રિડેશન કાઉન્સિલ, બેંગલોર (નેક) દ્વારા કામગીરી રાષ્અટ્રીય સ્તરે કરેલ છે. હાલમાં ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિમિટેડ તથા ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન (એલ.એન.જી.) લિમિટેડમાં ડાયરેક્ટર તરીકે સેવાઓ આપે છે.

તેઓશ્રી ૩૫ વર્ષનો શૈક્ષણિક કાર્યનો બહોળો અનુભવ ધરાવે છે. તેમના માર્ગદર્શન





હેઠળ ૪૨ વિદ્યાર્થીઓએ મેનેજમેન્ટ વિષયમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. તેમના ૩૫ થી વધુ સંશોધન પત્રો તથા ૭૦ થી વધુ લેખો રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરના સામયિકોમાં પ્રકાશિત થયેલા છે. તેમણે છ પુસ્તકોનું સર્જન કર્યું છે.

ડૉ. પ્રજાપતિના સંતાનોમાં એક પુત્ર તથા પુત્રી છે. પુત્ર ચિ. મયૂર પ્રોફેશનલ આર્કિટેક્ટ તરીકે યુ.એસ.એ.ની લેઝાર્ડ આર્કિટેક્ટ ઈન્ટરનેશનલમાં કાર્યરત છે. દીકરી ચિ. દિગીશા એમ.બી.એ. સુધીનો અભ્યાસ કરેલ છે. જમાઈ ચિ. પાર્થિવકુમાર ઈઆરપી કન્સલ્ટન્ટની ફર્મ ધરાવે છે. ગુજરાત પ્રજાપતિ સમાજ તેમને અભિનંદન પાઠવી ગૌરવ અનુભવે છે.

**(સૌજન્ય : ઉત્તર ગુજરાત ચોરાસી પ્રજાપતિ કેળવણી મંડળ)**

## અભિનંદન

(૧) પાલનપુરમાં આર. આર. મહેતા કોલેજમાં જીવ વિજ્ઞાનના પ્રો. સુરેશભાઈ હરિભાઈએ પીએચ.ડી.ની ડીગ્રી મેળવેલ છે.

(૨) પાલનપુર જિલ્લા તાલીમ ભવનમાં સિનિ. લેક્ચરર તરીકે સેવા આપતાં ડૉ. વર્ષાબેન પ્રજાપતિએ પીએચ.ડી. ડીગ્રી મેળવેલ છે.

(૩) ધંધુકા તાલુકાના ભલગામડા ગામના વોર્ડ નં. ૧ માંથી નરસિંહભાઈ પોપટભાઈ પ્રજાપતિ અને પાલનપુર તાલુકાના રતનપુર ગામના મહિલા સરપંચ તરીકે શ્રીમતી કમુબેન ચેહનભાઈ પ્રજાપતિની વરણી થઈ છે. તેમને અભિનંદન.

## દર વર્ષે પ્રસિદ્ધ થતી કાયમી તિથિ ભોજનદાનની યોજના

**ફાગણ સુદ-૧ થી ફાગણ વદ-અમાસ તા. ૨૧-૨-૨૦૧૭ થી ૨૭-૩-૨૦૧૭**

| તિથિનો નોં. નં. | તિથિ | તિથિ કોના નામે છે ? | ગામ / તાલુકો |
|---|---|---|---|
| ૧૯૯ | ૮મી માર્ચ | સને ૧૯૯૨ના ગુજરાત પ્રજાપતિ છાત્રાલયના છાત્રો | ગુજરાત પ્રજાપતિ સમાજ, અમદાવાદ |
| ૨૧૦ | ફાગણ સુદ-૧ | સ્વ. શ્રી સેંધારામ ગોવિંદરામ પ્રજાપતિ | સોલૈયા, તા. વિજાપુર. |
| ૧૨૫ | ફાગણ સુદ-૧ | સ્વ. શ્રી નાથાલાલ ભટાભાઈ પ્રજાપતિ | માણેક્પુર, તા. વિજાપુર, જિ. મહેસાણા. |
| ૧૩૫ | ફાગણ સુદ-૧ | શ્રી ડોસાભાઈ ગોકળદાસ પ્રજાપતિ | મેઉ, તા. જિ. મહેસાણા. |
| ૫૭૧ | ફાગણ સુદ-૧ | સ્વ. શ્રી સાંકળચંદ બબલદાસ ઓઝા | મહેસાણા. |
| ૨૦૮ | ફાગણ સુદ-૨ | સ્વ. શ્રી મોહનલાલ મૂળજીભાઈ ઓઝા | રાધનપુર, જિ. બનાસકાંઠા. |
| ૩૧૨ | ફાગણ સુદ-૨ | સ્વ. શ્રી કરશનદાસ પિતામ્બરદાસ મોરવાડીયા | વિરમગામ, હાલ-અમદાવાદ. |
| ૭૫૬ | ફાગણ સુદ-૨ | ● સ્વ. પૂંજાભાઈ હરિભાઈ વરિયા | મણીનગર, અમદાવાદ. |
| ૩૩૬ | ફાગણ સુદ-૩ | સ્વ. શ્રી કાળીદાસ સાંકળચંદ પ્રજાપતિ | માણસા, તા. વિજાપુર, હાલ-અમદાવાદ. |
| ૮૩૧ | ફાગણ સુદ-૩ | ● સ્વ. પ્રેમીલાબેન (પસીબેન) ડાહ્યાલાલ ઓઝા | વરસોડા |

| | | | |
|---|---|---|---|
| ૭૮૦ | ફાગણ સુદ-૪ | ● સ્વ. ભીખાભાઈ પુંજીરામ ઓઝા | જોરણંગ, હાલ-અમદાવાદ. |
| ૨૦૩ | ફાગણ સુદ-૫ | સ્વ. નાનીબેન પુરૂષોત્તમદાસ જેસલપુરા | વિરમગામ, હાલ-અમદાવાદ. |
| ૪૧૨ | ફાગણ સુદ-૫ | સ્વ. પુરૂષોત્તમદાસ મોતીરામ પ્રજાપતિ | ગોઝારિયા, હાલ-રાણીપ, અમદાવાદ. |
| ૭૧૦ | ફાગણ સુદ-૫ | ● સ્વ. સોમાભાઈ દેવરામ પ્રજાપતિ | કરજીસણ, હાલ-અમદાવાદ. |
| ૩૬૮ | ફાગણ સુદ-૬ | સ્વ. શ્રી પ્રેમકુંવરબેન ભવાનભાઈ વરિયા | જામનગર, હાલ-ગાંધીનગર. |
| ૪૮૭ | ફાગણ સુદ-૬ | સ્વ. શ્રી બબલભાઈ ઝવેરભાઈ પ્રજાપતિ | મુ. માતપુર, તા. પાટણ. હાલ-'ડી' કેબીન, સાબરમતી, અમ. |
| ૬૮૧ | ફાગણ સુદ-૬ | સ્વ. પ્રવિણચંદ્ર કેશવલાલ દલવાડી | શાહપુર, અમદાવાદ. |
| ૫૭૩ | ફાગણ સુદ-૭ | ● સ્વ. શ્રી મગનભાઈ મોતીભાઈ ઓઝા | વડોદરા. |
| ૬૨૯ | ફાગણ સુદ-૭ | સ્વ. નિલેશ કાનજીભાઈ પ્રજાપતિ | વડસ્મા, જિ. મહેસાણા. |
| ૭૩૦ | ફાગણ સુદ-૭ | સ્વ. ધૂળાભાઈ છગનભાઈ પ્રજાપતિ | સોજા, હાલ-સાબરમતી, અમદાવાદ. |
| ૧૭૨ | ફાગણ સુદ-૮ | ● સ્વ. શ્રી મંગળદાસ ભીમાભાઈ કુંવરીયા પ્રજાપતિ | દશાડા, જિ. સુરેન્દ્રનગર, હાલ-અમ. |
| ૬૬૩ | ફાગણ સુદ-૮ | ● સ્વ. ખોડીદાસ શીવરામ પ્રજાપતિ | સોજા, જિ. ગાંધીનગર. |
| ૬૮૨ | ફાગણ સુદ-૮ | ● સ્વ. જાદવભાઈ મોતીભાઈ ઓઝા | વડોદરા |
| ૨૩૫ | ફાગણ સુદ-૯ | સ્વ. શ્રી કેશવલાલ મોહનલાલ પ્રજાપતિ | લીંબોન્દ્રા, તા. કલોલ, હાલ-મુંબઈ. |
| ૫૫૦ | ફાગણ સુદ-૯ | ● સ્વ. શ્રી રેવભાઈ ધનાભાઈ પ્રજાપતિ | મોટા કોટડા, ઇડર, હાલ-અમદાવાદ. |
| ૧૩૫ | ફાગણ સુદ-૧૧ | સ્વ. શ્રી પુંજીબેન ખોડીદાસ પ્રજાપતિ | મગોડી, જિ. ગાંધીનગર. |
| ૫૬૯ | ફાગણ સુદ-૧૧ | ● સ્વ. શ્રી જોઈતારામ છગનદાસ પ્રજાપતિ | લાંઘણજ, હાલ-અમદાવાદ. |
| ૫૯૨ | ફાગણ સુદ-૧૧ | સ્વ. શ્રી ખેમીબેન બેચરદાસ પ્રજાપતિ | સાલડી, તા. જિ. મહેસાણા, હાલ-અમ. |
| ૮૧૪ | ફાગણ સુદ-૧૧ | ● સ્વ. પ્રવિણચંદ્ર મુળજીભાઈ ચૌહાણ | જામનગર. |
| ૩૫૭ | ફાગણ સુદ-૧૨ | સ્વ. શ્રી નારણભાઈ સોમાભાઈ પ્રજાપતિ | મુ. પથુંજ, તા. દસક્રોઈ. |
| ૪૭૧ | ફાગણ સુદ-૧૨ | સ્વ. જેસીંગભાઈ મંછારામ પ્રજાપતિ (હ. સંતોકબેન) | મુ. ભાટસર, તા. ચાણસ્મા. |
| ૬૦૦ | ફાગણ સુદ-૧૨ | સ્વ. શ્રી ડાહીબેન શિવાભાઈ રેવાભાઈ પ્રજાપતિ | કલોલ, હાલ-ગાંધીનગર. |
| ૮૮ | ફાગણ સુદ-૧૩ | સ્વ. સંતોકબેન હીરાલાલ પ્રજાપતિ | સાબરમતી, અમદાવાદ. |
| ૪૭૦ | ફાગણ સુદ-૧૩ | સ્વ. શ્રી જેસીંગભાઈ મંછારામ પ્રજાપતિ | મણીયાશા સોસા., મણિનગર, અમ. |
| ૬૪૯ | ફાગણ સુદ-૧૩ | ● સ્વ. શિવરામભાઈ નાગરદાસ પ્રજાપતિ | ગણેશપુરા, હાલ-અમદાવાદ. |
| ૭૨૫ | ફાગણ સુદ-૧૩ | ● સ્વ. દિવાબેન હિરાલાલ પ્રજાપતિ | માણસા, જિ. ગાંધીનગર. |
| ૬૭ | ફાગણ સુદ-૧૪ | સ્વ. શ્રી ગણેશભાઈ શિવરામભાઈ ચોક્સી (પ્રજાપતિ) | શક્તિનગર સોસાયટી, મહેસાણા. |
| ૩૮૫ | ફાગણ સુદ-૧૫ | સ્વ. શ્રી કાશીબા મોતીરામ પ્રજાપતિ | સોલૈયા, તા. વિજાપુર, હાલ-અમ. |
| ૧૩૯ | ફાગણ સુદ-૧૫ | સ્વ. શ્રી કેશવલાલ અમીરચંદ ગુર્જર | કોલવડા, તા. ગાંધીનગર. |
| ૨૪૦ | ફાગણ સુદ-૧૫ | ● સ્વ. શ્રી ઉમિયાબા જેઠીદાસ પ્રજાપતિ | જામળા, તા. કલોલ, હાલ-નરોડા, અમ. |
| ૨૬૮ | ફાગણ સુદ-૧૫ | સ્વ. શ્રી સમુબેન જીવાભાઈ ગુર્જર | હાલીસા, તા. દહેગામ. |
| ૩૭૮ | ફાગણ સુદ-૧૫ | સ્વ. શ્રી ઇચ્છાબેન પુરૂષોત્તમદાસ પ્રજાપતિ | પથરીયા, તા. મહેસાણા, હાલ-અમ. |
| ૭૬૫ | ફાગણ સુદ-૧૫ | ● સ્વ. અજીતભાઈ કાનજીભાઈ પ્રજાપતિ | સંખારી, હાલ-અમદાવાદ. |
| ૮૨૩ | ફાગણ સુદ-પૂનમ | ● સ્વ. ઇચ્છાબેન પુરષોત્તમદાસ પ્રજાપતિ | પઢારિયા, હાલ-અમદાવાદ. |
| ૨૩૯ | ફાગણ વદ-૨ | ● સ્વ. શ્રી કેતનકુમાર દેવજીભાઈ પ્રજાપતિ | કુડાસણ, તા. ગાંધીનગર, હાલ-અમ. |
| ૮૨ | ૨૮મી માર્ચ | શ્રી પોપટલાલ પ્રાગજીભાઈ ચૌહાણ | નવા કુંભારવાડા, રાજકોટ. |
| ૯૯ | ૨૮મી માર્ચ | શ્રી જીવાભાઈ રેવાભાઈ પ્રજાપતિ | દહેગામ, જિ. અમદાવાદ. |





| | | | |
|---|---|---|---|
| ૨૧ | ફાગણ વદ-૪ | સ્વ. શ્રી હીરાલાલ મગનલાલ ઓઝા | ભાગ્યોદય સોસાયટી, મહેસાણા. |
| ૧૯૬ | ફાગણ વદ-૪ | સ્વ. શ્રી મેનાબેન વરવાભાઈ પ્રજાપતિ | લોદરા, તા. વિજાપુર. |
| ૩૮૧ | ફાગણ વદ-૪ | સ્વ. શ્રી લક્ષ્મીબેન ઝવેરભાઈ પ્રજાપતિ | રાંધેજા, તા. ગાંધીનગર, હાલ-અમ. |
| ૭૭૦ | ફાગણ વદ-૪ | ● સ્વ. સુરીબેન કચરાભાઈ પ્રજાપતિ | નારોલા, જિ. મહેસાણા. |
| ૫૮૧ | ફાગણ વદ-૫ | ● સ્વ. શ્રી પ્રભુદાસ મગનલાલ પ્રજાપતિ | ટુંડાવ, હાલ-અમદાવાદ. |
| ૬૫૮ | ફાગણ વદ-૫ | ● સ્વ. શંકરભાઈ શીવરામ પ્રજાપતિ | નવા વાડજ, અમદાવાદ. |
| ૪૬૫ | ફાગણ વદ-૬ | ● સ્વ. શ્રી મોહનલાલ કાળુભાઈ પ્રજાપતિ | કામલી, તા. ઊંઝા, હાલ-અમદાવાદ. |
| ૭૬૮ | ફાગણ વદ-૬ | ● સ્વ. દીવાબેન શંકરભાઈ પ્રજાપતિ | ભાલસર, જિ. પંચમહાલ. |
| ૮૧૦ | ફાગણ વદ-૬ | ગં.સ્વ. શાંતાબેન અંબાલાલ પ્રજાપતિ | વસાઈ, જિ. મહેસાણા. |
| ૩૨૯ | ફાગણ વદ-૭ | ● સ્વ. શ્રી ઉગરીબા વનમાળીદાસ પ્રજાપતિ | લીંબોદરા, તા. કલોલ, હાલ-મુંબઈ. |
| ૧૧૯ | ફાગણ વદ-૮ | સ્વ. શ્રી મગનલાલ શંભુદાસ પ્રજાપતિ | ઓઢવ, અમદાવાદ. |
| ૪૩૬ | ફાગણ વદ-૮ | સ્વ. શ્રી મણીબેન લાલજીભાઈ પ્રજાપતિ | કાતરા, તા. ડીસા, હાલ-ડીસા (બનાસકાંઠા) |
| ૭૬૬ | ફાગણ વદ-૮ | ● સ્વ. પુષ્પાબેન દશરથભાઈ પ્રજાપતિ | માણસા, જિ. ગાંધીનગર. |
| ૭૯૦ | ફાગણ વદ-૯ | ● સ્વ. જોઈતારામ ભલાભાઈ પ્રજાપતિ | ભાત, જિ. અમદાવાદ. |
| ૫૫૩ | ફાગણ વદ-૧૦ | ● સ્વ. શ્રી ગૌરાંગકુમાર કનૈયાલાલ ઓઝા | મહેસાણા. |
| ૮૧૭ | ફાગણ વદ-૧૦ | ● સ્વ. વિમળાબેન ખેમચંદભાઈ ખડાલિયા | પાલનપુર. |
| ૭૧૪ | ફાગણ વદ-૧૧ | કુ. સ્વ. જલ્પાબેન ગોપાળભાઈ પ્રજાપતિ | કરજીસણ, હાલ-અમદાવાદ. |
| ૭૩૭ | ફાગણ વદ-૧૧ | સ્વ. કાશીબેન હિરાભાઈ પ્રજાપતિ | પામોલ, હાલ-ગાંધીનગર. |
| ૩૧૦ | ફાગણ વદ-૧૨ | સ્વ. શ્રી મણીબેન સવજીભાઈ પ્રજાપતિ | જવારજ, તા. ધોળકા, હાલ-અમદાવાદ. |
| ૬૮૩ | ફાગણ વદ-૧૨ | ● સ્વ. શાંતાબેન જાદવભાઈ ઓઝા | વડોદરા |
| ૭૬૩ | ફાગણ વદ-૧૨ | ● સ્વ. પુંજાભાઈ ભલાભાઈ પ્રજાપતિ | ભુવાલડી, જિ. અમદાવાદ. |
| ૩૫૮ | ફાગણ વદ-૧૩ | સ્વ. શ્રી રેવનદાસ આશારામ પ્રજાપતિ | આખજ, તા. મહેસાણા. |
| ૩૫૫ | ફાગણ વદ-૩૦ | સ્વ. સમુબેન સેંધારામ પ્રજાપતિ | સોલૈયા, તા. વિજાપુર. |
| ૫૩૨ | ફાગણ વદ-અમાસ | ● સ્વ. સંતોકબેન સોમાભાઈ પ્રજાપતિ | આજોલ, તા. માણસા, હાલ-અમદાવાદ. |
| ૭૯૬ | ૩૧-૩-૨૦૧૪ | ● શ્રી નારાયણભાઈ લાલાભાઈ પ્રજાપતિ | વયનિવૃત્તિ નિમિત્તે વિઠોડા, તા. ખેરાલુ |

● આ નિશાની મિષ્ટાન્ન ભોજનની છે.

નોંધ : (૧) તિથિદાન લાવનાર કાર્યકર ભાઈઓને વિનંતી કે નવી તિથિઓનું દાન લેતી વખતે તિથિદાતાઓના કાયમી સરનામાની નોંધ આવશ્યક કરવી.

(૨) તિથિદાન લાવનાર કાર્યકર ભાઈઓને વિનંતી કે ગુજરાતી માસની તિથિ લખવી ફરજિયાત છે. આપણી તિથિ નોંધણી ગુજરાતી માસ પ્રમાણે થાય છે. અંગ્રેજી તારીખ સાથે ગુજરાતી તિથિ લખવી જરૂરી છે.

સંકલન : પ્રોફેસર ભીખુભાઈ એમ. પ્રજાપતિ, મહામંત્રી : ગુજરાત પ્રજાપતિ સમાજ

સુધારો : ફેબ્રુ.૨૦૧૭ના અંકમાં ૮૧૧માં ઘચેલિયા ઉમેરીને વાંચવું.

● ફેબ્રુ.૨૦૧૭ના અંકમાં પેજ નં. ૨૩ ઉપર લગ્ન વિષયક જાહેરાતમાં મોબાઈલ નંબર ૯૯૦૪૬૭૦૪૭૭ પ્રિન્ટીંગ ભૂલને કારણે ખોટો છપાયેલ છે. તેને બદલે સુધારીને ૮૩૪૭૪૪૭૪૯૬, ૯૧૫૭૮૭૮૮૫૫ વાંચવું.

# ગુજરાત પ્રજાપતિ સમાજનું
# સાત માળનું અદ્યતન છાત્રાલય



અમદાવાદના પોશ વિસ્તાર, વિવિધ યુનિવર્સિટીઓની નજીક, ડ્રાઈવ-ઈન રોડ, થલતેજ (ટી.વી. ટાવર સામે) આપણા સમાજનું અદ્યતન છાત્રાલયનું આરસીસી તેમજ ચણતરનું કામ પૂરું થયું છે, બારી-બારણાં તેમજ ઈલેક્ટ્રીકનું કામ ચાલુ છે. બીજી બાજુ પ્રમુખ શ્રી કેશવલાલ એસ. પ્રજાપતિની નિશ્રામાં અન્ય જ્ઞાતિ કાર્યકરો સાથે સમગ્ર ગુજરાતના જુદા જુદા વિભાગોમાં દાન માટે ટીમ જઈ રહી છે. તાજેતરમાં પ્રમુખશ્રી અમેરિકા ગયા હતા. ત્યાંથી પણ સારો એવો સાથ-સહકાર મળ્યો છે. નવા છાત્રાલયની આગળની બાજુ હોલ કરવાનું પણ આયોજન છે. જ્ઞાતિવિકાસ માટે શિક્ષણ એ પાયાની જરૂરિયાત છે.

સમાજ પરિવર્તનશીલ છે, વિજ્ઞાને હરણફાળ ભરી છે. એની સાથે આપણા સમાજની ભાવિ પેઢી પણ સતત પોતાનાં કદમ માંડતી રહે એ માટે, અદ્યતન શૈક્ષણિક પ્રવાહો સાથે આપણે પણ જોડાવું જોઈએ. આપણી જ્ઞાતિનાં સંતાનો અદ્યતન સુવિધાઓ પ્રાપ્ત કરે એ માટે પાંચસો છાત્રો રહી શકે એવું છાત્રાલય સમગ્ર ગુજરાતના પ્રજાપતિ જગત માટે અજોડ અને અદ્વિતીય બની રહેશે. આ સામાજિક સાહસ, સમાજના અવિરત વહેતા દાનપ્રવાહને આભારી છે. આ શિક્ષણતીર્થની મુલાકાત લેવા સૌને આમંત્રણ છે. તમે આવો, જુઓ અને આ યજ્ઞમાં તમે પણ યત્કિંચિંત દાન નોંધાવો. હજારો છાત્રો અહીં ભણી ગયા છે, અત્યારે સો-સવાસો વિદ્યાર્થી જુદા જુદા અભ્યાસ ક્ષેત્રોમાં અહીં રહીને ભણે છે. આપણા સહિયારા પ્રયાસમાં સૌ સહભાગી થાઓ એવી આશા રાખીએ છીએ.





# ગુજરાત પ્રજાપતિ સમાજનું સૂચિત અદ્યતન છાત્રાલય

**● દાનની સ્કીમની વિગત ●**

| | સ્કીમનું નામ | દાનની રકમ | દાતા મળેલ છે/ દાતા આવકાર્ય છે |
|---|---|---|---|
| (૧) | અદ્યતન છાત્રાલયના નામકરણ દાતા માટે | રૂા. ૧,૨૫,૦૦,૦૦૦/- (એક કરોડ પચ્ચીસ લાખ) | દાતા મળેલ છે |
| (૨) | છાત્રાલયના ખાત મુહૂર્ત માટે | રૂા. ૧૩,૫૧,૦૦૦/- (તેર લાખ એકાવન હજાર) | દાતા મળેલ છે |
| (૩) | છાત્રાલયના ભોંયરા માટે | રૂા. ૧૨,૫૧,૦૦૦/- (બાર લાખ એકાવન હજાર) | દાતા મળેલ છે |
| (૪) | છાત્રાલયના વિશિષ્ટ દાતાઓ માટે | રૂા. ૧૧,૦૦,૦૦૦/- (અગિયાર લાખ) | દાતા આવકાર્ય છે |
| (૫) | છાત્રાલયના ડાઈનીંગ હોલ અને રસોડા માટે | રૂા. ૭,૫૧,૦૦૦/- (સાત લાખ એકાવન હજાર) | દાતા મળેલ છે |
| (૬) | છાત્રાલયમાં પાણીનો બોર (વારિગૃહ) માટે | રૂા. ૧૧,૦૦,૦૦૦/- (અગિયાર લાખ) | દાતા આવકાર્ય છે |
| (૭) | છાત્રાલયના દરેક ફ્લોરની તમામ રૂમના વીગ સાથેના દાતા માટે | રૂા. ૭૧,૦૦,૦૦૦/- (ઈકોતેર લાખ) | દાતા મળેલ છે |
| (૮) | છાત્રાલયના દરેક ફ્લોરની વીગના દાતા માટે | રૂા. ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ) | દાતા મળેલ છે |
| (૯) | છાત્રાલયમાં પ્રત્યેક લીફ્ટના દાતા માટે | રૂા. ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ) | દાતા આવકાર્ય છે |
| (૧૦) | છાત્રાલયના એક રૂમના દાતા માટે | રૂા. ૨,૫૧,૦૦૦/- (બે લાખ એકાવન હજાર) | દાતા આવકાર્ય છે |

નોંધ : એક રૂમના દાન માટે એક લાખ પચ્ચીસ હજારવાળા બે દાતાઓ સાથે મળીને દાન આપી શકશે. જે માટે રૂમની તકતીમાં દાતાઓના બે નામ લખવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| (૧૧) | છાત્રાલયના બાંધકામ ના દાતા માટે | રૂા. ૧૧,૦૦૦/- (અગિયાર હજાર) | દાતા આવકાર્ય છે |

**નોંધ : એક રૂમના રૂા. ૨,૫૧,૦૦૦/- નું દાન આવકાર્ય છે, પરંતુ રૂમ ઉપર તક્તી લગાડી શકાય તેમ નથી. નીચે તક્તીમાં નામ લખવામાં આવશે.**

ગુજરાતના ઉદાર દિલ દાતાઓ - ભામાશાઓ, શિક્ષણ વિદો, પ્રતિષ્ઠિત સજ્જનો, સેવાભાવી કાર્યકરો, સમાજ હિતચિંતકો, ઉદ્યોગપતિ જ્ઞાતિજનોને શિક્ષણના મહાયજ્ઞમાં ગુજરાત પ્રજાપતિ સમાજના અદ્યતન છાત્રાલયના બાંધકામને પરિપૂર્ણ કરવા ઉદાર હાથે દાન આપવા - અપાવવા હાર્દિક અપીલ.

**શ્રી કેશવલાલ એસ. પ્રજાપતિ**
પ્રમુખ : ગુજરાત પ્રજાપતિ સમાજ
મો. ૯૮૨૫૦૧૨૦૦૨

**પ્રોફેસર ભીખુભાઈ એમ. પ્રજાપતિ**
મહામંત્રી : ગુજરાત પ્રજાપતિ સમાજ
મો. ૯૪૨૭૫૨૨૪૦૫

# સંસ્થા સમાચાર

(૧) **જીવનસાથી મેળો : સમસ્ત ગુજરાત પ્રજાપતિ યુવક મંડળ દ્વારા અમદાવાદના હાર્દસમા રિવરફ્રન્ટ ઉપર ૨૯મા જીવનસાથી પસંદગી મેળાનું ભવ્ય આયોજન :** સમસ્ત ગુજરાત પ્રજાપતિ યુવક મંડળ દ્વારા ૨૯મા યુવા-યુવતી જીવનસાથી પરિચય-પસંદગી મેળાનું શ્રી દિપકભાઈ ગોવિંદભાઈ દલવાડીના કન્વીનર પદે ભવ્ય આયોજન તા. ૨૬-૩-૨૦૧૭ને રવિવારના રોજ રિવરફ્રન્ટ સાબરમતી તટ, અમદાવાદ મુકામે કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા ઈચ્છતા યુવા-યુવતી અગર તો તેમના વાલીઓએ તા. ૧૦-૩-૨૦૧૭ને શુક્રવાર સાંજે ૫-૦૦ કલાક સુધીમાં સમસ્ત ગુજરાત પ્રજાપતિ યુવક મંડળના સરનામે (૧૫, વિરાટ કોમ્પલેક્ષ, સત્તાધાર ચાર રસ્તા, બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ સામે, સોલા રોડ, ઘાટલોડીયા, અમદાવાદ-૩૮૦૦૬૧.) થી બપોરે ૧ થી સાંજના ૫ કલાક દરમ્યાન વહેલા તે પહેલાના ધોરણે રજિસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે.

આ જીવનસાથી પસંદગી મેળાની ખાસ ઐતિહાસિક વિશિષ્ટતા એ છે કે, આ કાર્યક્રમના ઈતિહાસમાં સૌ પ્રથમ વખતે જ ભાગ લેનાર યુવતીઓ માટે ફ્રી (નિઃશૂલ્ક) રજિસ્ટ્રેશન રાખેલ છે. એટલે કે ગુજરાત રાજ્યના નામે પ્રજાપતિ વિવાહ ઉત્સુક દીકરીઓ માટે આ ૨૯મા જીવનસાથી પસંદગી મેળામાં ફોર્મ ભરી વિનામૂલ્યે નોંધણી કરવામાં આવશે. (યુવકો માટેની રજિસ્ટ્રેશન ફી રૂા. ૫૦૦ રાખેલ છે.) જેથી આ યોજનાનો બહાળો પ્રમાણમાં લાભ લેવા સર્વ જ્ઞાતિજનોને જણાવવામાં આવે છે. આ ૨૯મા જીવનસાથી પસંદગી મેળા માટે એક વિશિષ્ટ અને અલગ પ્રકારની ડિઝીન ધરાવતો ફોર કલરમાં ગ્લેઝ પેપરમાં બાયોડેટા સાથેનો આકર્ષક રંગીન સોવેનિયર પ્રસિદ્ધ કરવામાં આવનાર છે. જેમાં વેપાર, ધંધા-ઉદ્યોગ વગેરેની જાહેરાતો સાથે મંડળની અન્ય માહિતીઓ અને કરવામાં આવતી વિવિધ કામગીરીનો સમાવેશ થશે, પરંતુ વિશેષતા એ રહેશે કે આ સોવેનિયરમાં એક પેજ ઉપર યુવા-યુવતીઓના ફક્ત બે ફોટા બાયોડેટા સાથે પ્રસિદ્ધ થશે. ફોટા પોસ્ટકાર્ડ સાઈઝમાં અને ડિજિટલ મોડેલીંગ-એક્શન કે પરફોર્મન્સ વાળા છપાવવાના હોવાથી ફોર્મ ભરતી વખતે આવો આકર્ષક પોસ્ટકાર્ડ સાઈઝનો એક ફોટો તથા બીજો પાસપોર્ટ સાઈઝનો પોટો ફોર્મ સાથે એટેચ કરી મોકલવાનો રહેશે. પોસ્ટકાર્ડ સાઈઝનો ફોટો ઈ-મેઈલ દ્વારા મોકલી આપવાનો આગ્રહ રાખવામાં આવે છે. જેથી કરીને આપના પોસ્ટકાર્ડ સાઈઝના ફોટોગ્રાફની ગુણવત્તા જળવાશે. જેની દરેકે ખાસ નોંધ લેવી.

આ જીવનસાથી પસંદગી મેળાની વધુ વિગતો અને પૂછપરછ માટે હેલ્પલાઈન ફોન નંબર ૮૧૪૧૭૦૨૦૨૦ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

**(સંકલન : મુકેશભાઈ આર. પ્રજાપતિ)**

(૨) **શ્રી છોત્તેર ગોળ પ્રજાપતિ સમાજ મંડળ, અમદાવાદની સામાન્ય સભા, ઈનામ**





**અને વ્યાજમુક્ત લોનનો વિતરણ કાર્યક્રમ સંપન્ન :** શ્રી છોત્તેર ગોળ પ્રજાપતિ સમાજ કેળવણી મંડળ અમદાવાદની સામાન્ય સભા માર્ચ ૨૦૧૬ ધો. ૧૦ અને ધો. ૧૨ માં ઉત્તિર્ણ થયેલ તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ અને ડૉક્ટર, ફાર્મસી અને એન્જિનિયરીંગમાં ઉચ્ચ અભ્યાસ કરતાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ચેકોના વિતરણનો કાર્યક્રમ ભવ્યાતિભવ્ય રીતે તા. ૨૯-૧-૨૦૧૭ના રોજ બાલાબહુચર માતા, સોલા, અમદાવાદ ખાતે સંપન્ન થયો.

સામાન્ય સભામાં સંપૂર્ણ ભોજન દાતા શેઠ શ્રી કેશવલાલ રણછોડદાસ પ્રજાપતિ, શ્રી રમેશભાઈ કેશવલાલ પ્રજાપતિ, શ્રી ગુણવંતભાઈ કેશવલાલ પ્રજાપતિ, શ્રી હસમુખભાઈ કેશવલાલ પ્રજાપતિ, પ્રમુખ બહેચરદાસ આર. ઓઝા, શ્રી બિપીનભાઈ જે. ઓઝા, શ્રી ડાહ્યાભાઈ શંકરલાલ પ્રજાપતિ, શ્રી નટવરલાલ આર. પ્રજાપતિ, પિલવાઈ સમાજના પ્રમુખ શ્રી અનિલભાઈ કે. પ્રજાપતિ, ચેરીટેબલ ટ્રસ્ટ અંબાજીના પ્રમુખ શ્રી સોમાભાઈ એચ. પ્રજાપતિ, મંત્રી શ્રી રમણભાઈ એસ. પ્રજાપતિ, ક્રેડીટ સોસા.ના ચેમરેન શ્રી દશરથભાઈ કે. પ્રજાપતિ, આજીવન પંચવર્ષીય અને શિક્ષણ દાતાઓ, કારોબારી સભ્યો, ઈનામ પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનો, વ્યાજ મુક્ત લોન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ, વાલીઓ, આજીવન સભ્ય, જ્ઞાતિજનો-બહેનો અને યુવાનોની વિશાળ જન સંખ્યાની હાજરીમાં કાર્યક્રમ યોજાયો.

કાર્યક્રમની શરૂઆત શ્રીમતી કુંદનબેન બી. પ્રજાપતિ દ્વારા ઈશવંદનાથી કરવામાં આવી. ભોજનદાતા શેઠ શ્રી કેશવલાલ આર. પ્રજાપતિ હોદ્દેદારો ઉપસ્થિત મહેમાનો મા બ્રહ્માણીના જયઘોષ સાથે દીપ પ્રાગટ્યમાં જોડાયા.

શ્રી છોત્તેર ગોળ પ્રજાપતિ સમાજ કેળવણી મંડળના પ્રમુખ શેઠ શ્રી બહેચરદાસ આર. ઓઝાએ મહેમાનો, દાતાઓ અને જ્ઞાતિજનોનું શાબ્દિક સ્વાગત કરતાં કેળવણી દ્વારા સમાજના સર્વાંગી વિકાસ ઉપર ભાર મૂક્યો. શાબ્દિક સ્વાગત બાદ દાતાઓ અને મહેમાનોનું ગુલાબના પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.

કેળવણી મંડળના મહામંત્રી પ્રોફેસર ભીખુભાઈ એમ. પ્રજાપતિએ કેળવણી મંડળ દ્વારા ડૉક્ટરી, ફાર્મસી, એન્જિનિયરીંગ અને અન્ય વિદ્યા શાખાઓમાં તેજસ્વી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને વ્યાજમુક્ત લોન અને ધો. ૧૦ તેમજ ધો. ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓને આપવામાં આવતા ઈનામોની વિસ્તૃત છણાવટ કરી અત્યાર સુધીમાં રૂા. ૫૩,૫૧,૦૦૦ (ત્રેપન લાખ એકાવન હજાર) વ્યાજમુક્ત લોન આપવામાં આવી. ધો. ૧૦ અને ધો. ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓને અત્યાર સુધીમાં રૂા. ૨,૬૮,૪૦૦ (બે લાખ અડસઠ હજાર ચારસો) ના ઈનામો મહેમાનો અને દાતાઓના હસ્તે આપવામાં આવ્યા. વ્યાજ મુક્ત લોનની બાકી રકમની રીકવરી સારા પ્રમાણમાં થતાં તેની સરાહના કરવામાં આવી. જનરલ સભામાં એજન્ડા મુજબ પુખ્ત ચર્ચા-વિચારણાને અંતે નીચે મુજબના ઠરાવો સર્વાનુમતે

કરવામાં આવ્યા.

**ઠરાવ નં. ૧ :** સને ૨૦૧૫-૨૦૧૬ની કારોબારીમાં થયેલા ઠરાવોનું વાંચન કરીને સર્વાનુમતે મંજૂર કરતો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

**ઠરાવ નં. ૨ :** ગત તા. ૧૬-૧-૨૦૧૬ની સામાન્ય સભાની મિનિટ્સનું વાંચન કરીને સર્વાનુમતે મંજૂર કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો.

**ઠરાવ નં. ૩ :** સને ૨૦૧૫-૨૦૧૬ના વાર્ષિક હિસાબોનું વાંચન કરીને સર્વાનુમતે મંજૂર કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો.

**ઠરાવ નં. ૪ :** ધો. ૧૦ અને ધો. ૧૨ના વિદ્યાર્થીઓને ઇનામોનું વિતરણ તેમજ ડૉક્ટર, ફાર્મસી અને એન્જિનિયરીંગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને લોનના ચેકોનું વિતરણ મહેમાનો અને દાતાઓને હસ્તે કરવામાં આવ્યું. જેને જનરલ સભાએ બહાલી આપી તાળીઓના ગડગડાટથી વધાવી લીધા.

**ઠરાવ નં. ૫ :** કેળવણી મંડળના વિકાસ માટે જમીન સંપાદન કરવાનું તેમજ શૈક્ષણિક સંકુલ માટે ઝડપથી કાર્યવાહી કરવાનું સર્વાનુમતે સ્વીકાર કરતો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

**ઠરાવ નં. ૬ :** શ્રી છોત્તેર ગોળ પ્રજાપતિ સમાજ કેળવણી મંડળ માટે દાનની જાહેરાત.

તા. ૨૭-૨-૨૦૧૦ની સામાન્ય સભામાં શ્રી છોત્તેર ગોળ પ્રજાપતિ સમાજ કેળવણી મંડળના શૈક્ષણિક સંકુલ માટે પાઘડી શેઠ પરિવાર તરફથી વાવોલની સીમમાં જમીનનું દાન અને સંકુલના બાંધકામ માટે શેઠ શ્રી બહેચરદાસ આર. ઓઝાના પરિવાર તરફથી રૂા. ૫૧,૦૦,૦૦૦ (એકાવન લાખ) તેમજ અન્ય દાતાઓ તરફથી બાંધકામ માટે દાનની જાહેરાત થઈ હતી. જેને સામાન્ય સભાએ હર્ષોલ્લાસ સાથે સર્વાનુમતે સ્વીકાર કરતો ઠરાવ પસાર કર્યો હતો, પરંતુ જમીનના દાન (સંપાદન) નો પ્રશ્ન હલ નહીં થતાં શિક્ષણપ્રેમી સમાજના અગ્રણી ભામાશા શ્રી છોત્તેર ગોળ પ્રજાપતિ સમાજ કેળવણી મંડળના પ્રમુખ શેઠ શ્રી બહેચરદાસ આર. ઓઝા પરિવાર તરફથી શ્રી છો. ગો. પ્રજાપતિ સમાજ કેળવણી મંડળના વિકાસ તેમજ શૈક્ષણિક સંકુલ માટે અગાઉ કરેલી જાહેરાત સંદર્ભે રૂા. ૫૧,૦૦,૦૦૦ (એકાવન લાખ) આપવાની જાહેરાત તા. ૨૯-૧-૨૦૧૭ની સામાન્ય સભામાં કરવામાં આવી. આ રકમ નેશનલાઈઝ બેંકમાં શ્રી છોત્તેર ગોળ પ્રજાપતિ સમાજ કેળવણી મંડળ અને શ્રી બહેચરદાસ આર. ઓઝાના સંયુક્ત નામે ચૂકવી. (અનિવાર્ય સંજોગોમાં જરૂર જણાય તો તેમના પરિવારમાંથી એક વ્યક્તિની સહી દાખલ કરવાની રહેશે.) આ રકમના વ્યાજમાંથી કેળવણી મંડળ જે નક્કી કરે તે શ્રી છોત્તેર ગોળ પ્રજાપતિ સમાજના ડીપ્લોમામાં અભ્યાસ કરતાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને વ્યાજમુક્ત લોન પેટે આપવા. કેળવણી મંડળને નવી જમીન લેવાની થાય, શૈક્ષણિક સંકુલ બનાવવાનું થાય ત્યારે આ મૂળ રકમ અને તેમાં





વધારો થયેલ રકમ વાપરવાની શરતે તેમના પરિવાર તરફથી જાહેરાત કરવામાં આવી. સાથે સાથે સંસ્થાના અન્ય કાર્ય માટે રકમ વાપરવાની થાય ત્યારે દાતાની પૂર્વ મંજુરીથી વાપરી શકાશે તેવી જાહેરાતનું સામાન્ય સભાએ હર્ષોલ્લાસ સાથે સ્વીકાર કરતો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

આજીવન અને પંચવર્ષીય યોજનાના દાતાશ્રીઓએ દાનની રકમો જાહેર કરી. ધો. ૧૦ અને ધો. ૧૨ના ઇનામ વિતરણની રકમ શ્રીમતી ભીખીબેન બહેચરદાસ ઓઝા તરફથી આપવાની જાહેરાતને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોફેસર ભીખુભાઈ એમ. પ્રજાપતિએ કર્યું. આભાર વિધિ શ્રી રમણભાઈ સોમાભાઈ પ્રજાપતિએ કરી. ત્યારબાદ મિષ્ઠ ભોજન સાથે વિદ્યાર્થીઓ માટે કરવાની આવતી પ્રવૃત્તિઓની પ્રશંસા કરતાં સૌ વિખરાયા.

**(સંકલન : પ્રોફેસર ભીખુભાઈ એમ. પ્રજાપતિ)**

(૩) **શ્રી કલોલ છોત્તેર ગોળ પ્રજાપતિ મંડળ કલોલ : ૨૦૧૭ થી ૨૦૧૮ સુધી સંસ્થાના હોદ્દેદારો અને કારોબારી નવી ટર્મ** માટે નીચે મુજબ સર્વાનુમતે વરણી કરવામાં આવી.

(૧) પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ બી. પ્રજાપતિ (માણસાવાળા) (શ્રી કલોલ શહેર પ્રજાપતિ સમાજ, કલોલ, ઉપપ્રમુખ) (૨) ઉપપ્રમુખ શ્રી નારાયણભાઈ બી. પ્રજાપતિ (બિલોદરાવાળા) (૩) મંત્રી શ્રી રોહિતભાઈ કે. પ્રજાપતિ (ચરાડાવાળા) (૪) સહમંત્રી શ્રી નરેશભાઈ આર. પ્રજાપતિ (ચરાડાવાળા) (૫) ખજાનચી શ્રી સોમાભાઈ એમ. પ્રજાપતિ (પરબતપુરા) (૬) આં. ઓડીટર શ્રી ભગવાનભાઈ કે. પ્રજાપતિ (૭) આદ્યસ્થાપક શ્રી મંગળભાઈ એમ. પ્રજાપતિ (બોદરા)

(૪) **શ્રી કલોલ છોત્તેર ગોળ પ્રજાપતિ સમાજ મંડળનો સાતમો સ્નેહમિલન અને ઈનામ વિતરણ સમારંભ સંપન્ન :** તા. ૨૬-૧-૨૦૧૭ને ગુરૂવારના રોજ બપોરે ૨-૦૦ કલાકે શ્રી કલોલ છોત્તેર ગોળ પ્રજાપતિ મંડળ, કલોલનો સાતમો સ્નેહમિલન અને ઈનામ વિતરણ સમારંભ "માવતર ધામ" પિપજ-વામજ રોડ, કલોલ મુકામે યોજાઈ ગયો. જેમાં પરિવાર મંડળના ૪૨૫ કરતાં વધુ ભાઈ-બહેનો, વડીલો, દાતાઓ, મહાનુભાવો તથા બાળકોની હાજરીમાં ધામધૂમ અને દબદબાપૂર્વક સંપન્ન થયો.

આ શુભ પ્રસંગે સમારંભના મોંઘેરા મહેમાનોમાં પ્રમુખ પદે શ્રી ગોવિંદભાઈ મૂળચંદદાસ પ્રજાપતિ (ગુ.પ્ર. પ્રમુખશ્રી અખિલ ભારતીય પ્રજાપતિ મહાસંઘ, ન્યુ દિલ્હી), મુખ્ય મહેમાન તરીકે શ્રી જયંતિભાઈ ભગવાનદાસ પ્રજાપતિ (વરસોડાવાળા), ઈનામ દાતા શ્રી ભીખાભાઈ કચરાભાઈ પ્રજાપતિ (મકાખાડ), ભોજનદાતા શ્રી રાજેન્દ્રભાઈ બી. પ્રજાપતિ (માણસા), શ્રી છોત્તેર ગોળ પ્રજાપતિ સમાજ મંડળ, કલોલ પ્રમુખશ્રી / શ્રી કલોલ શહેર પ્રજાપતિ સમાજ ઉપપ્રમુખશ્રી / શ્રી અખિલ ભારતીય પ્રજાપતિ મહાસંઘ ગુજરાત પ્રદેશ

યુવા મંચ તથા શ્રી કાન્તીભાઈ વિઠ્ઠલદાસ પ્રજાપતિ (ચરાગ), અતિથિ વિશેષ પદે શ્રી ડાહ્યાભાઈ અંબાલાલ પ્રજાપતિ, શ્રી અમૃતભાઈ ગલાબભાઈ પ્રજાપતિ (સીનેટ, કલોલ), શ્રી ખોડીદાસ સેંધાભાઈ પ્રજાપતિ (બાકરોડા) તથા શ્રી અનિલભાઈ કે. પ્રજાપતિ (પ્રમુખશ્રી છોત્તેર ગોળ પ્રજાપતિ સમાજ પિલવાઈ) અને શ્રી બળદેવભાઈ એમ. પ્રજાપતિ (પ્રમુખશ્રી કલોલ શહેર પ્રજાપતિ સમાજ, કલોલ) વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

સમારંભની શરૂઆત રાષ્ટ્રગાનથી કરવામાં આવી. સમારંભના મોંઘેરા મહેમાનો તથા મંડળના હોદ્દેદારોએ કુળદેવી મા બ્રહ્માણીનું દીપ પ્રાગટ્ય કર્યું. શ્રી કલોલ શહેર છોત્તેર ગોળ પ્રજાપતિ મંડળના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ બી. પ્રજાપતિ (માણસા) એ ઉપસ્થિત સૌ મહાનુભાવો, વડીલો, દાતાઓ તથા ભાઈ-બહેનોનું શાબ્દિક સ્વાગત કર્યું. મંડળના આદ્યસ્થાપક શ્રી મંગળભાઈ માધવલાલ પ્રજાપતિએ ભાવભરી શૈલીમાં મહેમાનોનો સંક્ષિપ્ત પરિચય કરાવી મંડળની સ્થાપનાનો હેતુ વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રગતિનાં અહેવાલ રજૂ કર્યા.

તમામ મહેમાનોનું શાલ અને પુષ્પગુચ્છથી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ ઇનામ દાતા શ્રી ભીખાભાઈ કચરાભાઈ પ્રજાપતિ (મકાખાડ) તથા તેમના સુપુત્ર શ્રી મુકેશભાઈ અને શ્રી ઉમેશભાઈના વરદ્ હસ્તે જુનિયર કે.જી. થી ધો. ૧૨ સ્નાતક, અનુસ્નાતક, પી.ટી.સી., બીબીએ, બી.સી.એ., બી. ફાર્મ તથા એન્જિનિયર કક્ષા સુધીના પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવનાર તેજસ્વી તારલાઓને આકર્ષક ઇનામો આપવામાં આવ્યા. ઇનામ પ્રાપ્ત ન કરનાર બાળકોને પ્રોત્સાહિત કરવા માટે આશ્વાસન ઇનામ પણ આપવામાં આવ્યા.

સમારંભના પ્રમુખ શ્રી ગોવિંદભાઈ અનિવાર્ય સંજોગોને લઈ ઉપસ્થિત રહી શક્યા ન હતા પણ તેમણે સમારંભની સફળતા ઇચ્છતા સંદેશ પાઠવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ બી. પ્રજાપતિ અને મંત્રી શ્રી રોહિતભાઈ કે. પ્રજાપતિ ઉપરાંત શ્રી નારાયણભાઈ (ઉપપ્રમુખ), શ્રી વિષઅણુભાઈ, શ્રી હસમુખભાઈ, શ્રી ગોવર્ધનભાઈ, શ્રી જયંતિભાઈ, શ્રી સોમાભાઈ, શ્રી પ્રહલાદભાઈ, શ્રી ડૉ. રસિકભાઈ (પૂર્વ પ્રમુખ), શ્રી પ્રો. જયંતિભાઈએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી વિષ્ણુભાઈ એસ. પ્રજાપતિ (ચરાડા) એ કર્યું. મંત્રી શ્રી રોહિતભાઈ કે. પ્રજાપતિએ આભાર વિધિ કરી હતી.

કાર્યક્રમની પૂર્ણાહુતિ રાષ્ટ્રગીત સાથે થઈ. ત્યારબાદ સૌએ સ્વરૂચિ ભોજન સાથે લીધું. ભોજનની મિઠાશ માણતાં માણતાં સૌ કાર્યક્રમના સુંદર આયોજનની મુક્ત કંઠે પ્રશંસા કરતા નજરે પડ્યા. મોટી જન સંખ્યાના સુંદર માહોલ વચ્ચે કાર્યક્રમ સંપન્ન થયો.

**(સંકલન : પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ બી. પ્રજાપતિ, માણસાવાળા)**

**(૫) શ્રી સત્તાવીસ ગોળ પ્રજાપતિ સમાજ વતી સમૂહલગ્ન સમિતિ યોજીત ૨૫મો સમૂહ લગ્નોત્સવ** મુ.પો. વિરપુર (હિંમતનગર) માં શ્રી સત્તાવીસ ગોળ પ્રજાપતિ





સમાજવાડીમાં તા. ૫-૨-૨૦૧૭ને રવિવારે યોજાઈ ગયો. તે દિવસે યોજાયેલ આ લગ્નોત્સવમાં ૨૬ નવદંપતીઓ લગ્નવિધિ મુજબ પરસ્પર જોડાયા હતા. આ પ્રસંગે સમાજના ૫૦૦૦ વ્યક્તિઓની હાજરી નોંધપાત્ર હતી. તે પ્રસંગે આકરુંદની ૧૦ વર્ષની બાળાએ 'બેટી બચાવો, બેટી પઢાઓ' એ વિષય ઉપર સુંદર વક્તવ્ય આપ્યું હતું. તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ આપી નવાજવામાં આવ્યા હતા. આ પ્રસંગે વક્તાઓએ સમૂહ લગ્નની સુંદર કામગીરી માટે સમાજના કાર્યકરોને બિરદાવ્યા હતા. સમાજના મંદિરના મહારાજે આશીર્વચન આપ્યું હતું. આ પ્રસંગે મહેમાનોમાં ડૉ. મનોજભાઈ નટવરભાઈ પ્રજાપતિ, ભરતભાઈ શંકરભાઈ પ્રજાપતિ, કનુભાઈ શંકરભાઈ પ્રજાપતિ, સોહમભાઈ બાબુભઆઈ (હિંમતનગર) વગેરે હાજર રહ્યા હતાં. આ પ્રસંગે કાન્તિભાઈ (મોસદ), પ્રકાશભાઈ (તવોર), પ્રકાશભાઈ (મહેતાપુરા), બાબુભાઈ (બાયડ), વસંતભાઈ (સીંગા) અને વિષ્ણુભાઈ (હાથીપુરા) સહિત અન્ય કારોબારી સભ્યોએ પણ કાર્યક્રમને સફળ બનાવવા સંપૂર્ણ સાથ અને સહકાર આપ્યો હતો. આભાર વિધિ નટવરભાઈ શંકરભાઈ પ્રજાપતિએ સંભાળી હતી.

**(૬) શ્રી પાટડી પ્રજાપતિ કેળવણી ઉત્તેજક મંડળની વાર્ષિક જનરલ સભાનો અહેવાલ :** શ્રી પાટડી પ્રજાપતિ કેળવણી ઉત્તેજક મંડળની વાર્ષિક જનરલ સભા મુ. પાટડી, તા. પાટડી, જિ. સુરેન્દ્રનગર ખાતે તા. ૩૧-૧-૨૦૧૭ શનિવારના રોજ બપોરેના ૩-૦૦ કલાકે યોજવામાં આવેલ.

આ વાર્ષિક જનરલ સભા ઉમિયા હોલ, પાટડી ખાતે મળેલ. જેમાં લગભગ ૬૦૦ થી વધુ પ્રજાપતિ ભાઈ-બહેનોએ હાજરી આપી પ્રસંગની શોભા વધારેલ હતી.

આ વાર્ષિક જનરલ સભા પાટડી મુકામે છેલ્લા ૨૨ વર્ષથી નાની સિંચાઈ વિભાગ પાટડી ખાતે ફરજ બજાવતા શ્રી જયંતિલાલ ચતુરભાઈ પ્રજાપતિ (નાગડકાવાળા) જેઓ આ સંમેલનના ભોજન દાતા તથા વિદ્યાર્થીઓના ઇનામના દાતા હતા. તેઓશ્રીના વડીલબંધુ શ્રી મનજીભાઈ ચતુરભાઈ પ્રજાપતિ (નિવૃત્ત ટી.ડી.ઓ.) ના અધ્યક્ષ સ્થાને બપોરે ૩-૦૦ કલાકે મળેલ.

મિટીંગ, ઇનામ વિતરણ, સ્નેહસંમેલન જેવા ત્રિવેણી કાર્યક્રમની શુભ શરૂઆત પ્રભુ પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ સ્ટેજ પર મહેમાનોને સ્થાન આપવામાં આવ્યું.

સૌ મહેમાનોનું શબ્દરૂપી પુષ્પોથી સ્વાગત પ્રવચન શ્રી પાટડી પ્રજાપતિ કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખ શ્રી છોટાલાલ અંબાલાલ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું.

ત્યારબાદ નીચે મુજબના સમાજ તથા કેળવણી મંડળ તથા અન્ય મહાનુભાવોનું સન્માન - સ્વાગત ફુલહાર-શાલથી કરવામાં આવ્યું. જેને ઉપસ્થિત સૌ જ્ઞાતિબંધુઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા.

(૧) શ્રી આઠ પરગણાં ગુર્જર પ્રજાપતિ સમાજના પ્રમુખ શ્રી સંજયકુમાર પ્રહલાદભાઈ પ્રજાપતિ (૨) શ્રી આઠ પરગણાં ગુર્જર પ્રજાપતિ કેળવણી મંડળના પ્રમુખ શ્રી પ્રો. કીર્તિકુમાર વૃજલાલ ગુર્જર (૩) શ્રી ઝાલાવાડ ભાલ બત્રીસી પ્રજાપતિ બોર્ડીંગ જોરાવરનગરના મંત્રી

શ્રી ભાઈલાલભાઈ અમથાભાઈ ગુર્જર (૪) શ્રી આઠ પરગણાં ગુર્જર પ્રજાપતિ કેળવણી મંડળના મંત્રી શ્રી મહેશભાઈ જેસંગભાઈ દેત્રોજા (૫) આજની સભાના અધ્યક્ષ મહોદય શ્રી મનજીભાઈ ચતુરભાઈ પ્રજાપતિ (નિવૃત્ત ટી.ડી.ઓ.) નું સ્વાગત કર્યું હતું. (૬) શ્રી એ. સી. પ્રજાપતિ (નાગડકાવાળા) મામલતદાર, લાઠી. (૭) શ્રી લાલજીભાઈ શીવાભાઈ પ્રજાપતિ (પૂર્વ પ્રમુખ, શ્રી આઠ પરગણાં ગુર્જર પ્રજાપતિ કેળવણી મંડળ)

ત્યારબાદ શ્રી પાટડી પ્રજાપતિ કેળવણી ઉત્તેજક મંડળના મંત્રી શ્રી પ્રહલાદભાઈ કે. ગુર્જર દ્વારા સૌ સભ્યોનું અભિવાદન શબ્દપુષ્પો દ્વારા કરવામાં આવ્યું તથા ગત વર્ષે અવસાન પામનાર સભ્યોને શ્રદ્ધાંજલી અર્પી સદ્‌ગતનાં માનમાં બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું.

ત્યારબાદ પાટડી ખાતે છેલ્લા ૨૨ વર્ષથી નાની સિંચાઈ વિભાગમાં ફરજ બજાવતા મુળ નાગડકાના વતની શ્રી જયંતિલાલ ચતુરભાઈ પ્રજાપતિ તા. ૩૧-૧૨-૨૦૧૬ના રોજ વયમર્યાદાનાં કારણે નિવૃત્તનું ભાવભીનું સન્માન કરવામાં આવ્યું. શાલ-ફુલહાર, સન્માનપત્ર અને રાધાકૃષ્ણના મોમેન્ટોથી તેઓશ્રીનું સ્વાગત - સન્માન કરવામાં આવ્યું. એ પહેલા તેઓશ્રીના સન્માનપત્રનું વાંચન શ્રી હરેશભાઈ દ્વારકાદાસ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું. આજે નિવૃત્તિનો દિવસ એ તેમનો જન્મ દિવસ હોઈ કેક કાપીને બે ગણો આનંદ ઉમરાયો.

ત્યારબાદ શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર પ્રજાપતિ પ્રગતિ મંડળના અમદાવાદના પૂર્વ પ્રમુખ શ્રી નાગરભાઈ કે. લખતરિયાનું શ્રી પાટડી પ્રજાપતિ કેળવણી ઉત્તેજક મંડળ દ્વારા પ્રમુખ શ્રી છોટાલાલ એ. પ્રજાપતિ, ઉપપ્રમુખ શ્રી હરિભાઈ જી. પાટડીયા અને મંત્રી શ્રી પ્રહલાદભાઈ કે. ગુર્જરે ફુલહાર-શાલ અને રાધાકૃષ્ણના સિલ્વર મોમેન્ટોથી કરવામાં આવ્યું.

તેઓશ્રી તરફથી શ્રી પાટડી પ્રજાપતિ કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, મંત્રીશ્રી, સહમંત્રીશ્રી, ઓડીટરશ્રી તથા તમામ કારોબારી સદસ્યો તેમજ વિદાય લેતા શ્રી જયંતિલાલ ચતુરભાઈ પ્રજાપતિ, સભા પ્રમુખ શ્રી મનજીભાઈ પ્રજાપતિને ધાર્મિક ફોટા અર્પણ કરી શ્રી નાગરભાઈ કે. લખતરિયા દ્વારા સન્માન કરવામાં આવ્યું. જેને સૌએ તાળીઓના નાદથી વધાવી લીધું તથા મહાનુભાવોનું સન્માન શ્રી પાટડી પ્રજાપતિ કેળવણી ઉત્તેજક મંડળ તરફથી શાલ અને ફુલહારથી કરવામાં આવ્યું.

આ પ્રસંગે 'બેટી બચાવો અભિયાન' તળે પાટડીનગરનાં અમુક બહેનોને પુત્રીનો જન્મ થતાં ધાર્મિક ફોટા અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું.

અત્યારના હોદ્દેદારો તથા કારોબારી સભ્યોની હોદ્દાની મુદ્દત પૂર્ણ થતાં ફરીથી સર્વાનુમતે એક વર્ષ માટે તમામ હોદ્દેદારો તથા કારોબારી સભ્યોને એક વર્ષ માટે સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યાં.

એકંદરે સૌ આ પ્રસંગને બિરદાવતાં આનંદથી ભાવ-વિભોર બની રહ્યાં.

**(સંકલન શ્રી છોટાલાલ અંબાલાલ પ્રજાપતિ, પાટડી)**





# આપણા સમૂહલગ્નોની દોડ ખોટી નહીં, દિશા બદલવાની જરૂર છે...

તાજેતરમાં બાવળા તાલુકામાં પ્રજાપતિ સમાજના અને ક્ષત્રિય સમાજનાં બે સમૂહલગ્ન મહોત્સવ યોજાઈ ગયાં. જેમાં પ્રજાપતિ સમાજમાં ૨૫ નવદંપતિઓ અને ક્ષત્રિય સમાજમાં ૭૮ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યાં.

ટ્રેનમાં મુસાફરી કરતા એક પ્રતિષ્ઠિત જ્ઞાતિના વડીલે પ્રશ્ન કર્યો, "ગુજરાતમાં છેલ્લાં ૨૫-૨૭ વર્ષથી સમૂહલગ્નો યોજાઈ રહ્યાં છે. તેમાં છેલ્લાં દશ વર્ષમાં તે કોઈ સમાજ તેમાં બાકી રહ્યો નથી. આટલી ઝડપથી તેનો વ્યાપ વધી રહ્યો છે. છતાં સમૂહલગ્નમાં ભાગ લેનાર નવદંપતિના માતા-પિતા સમૂહલગ્ન પછી પણ આર્થિક દેવામાં ડૂબેલાં રહે છે. તેનું કારણ શું ?"

બીજા એક સજ્જને સુંદર જવાબ આપ્યો, "આપણે જવું છે. દિલ્હી અને દોડીએ છીએ મુંબઈ તરફ એટલે જેટલું ઝડપથી દોડીએ છીએ તેટલું મુંબઈ વહેલું આવે છે અને દિલ્હી દૂર થતું જાય છે. કારણ કે આપણી દોડવાની દિશા ખોટી છે. તે દિશા બદલાવીશું તો જ દિલ્હી પહોંચી શકીશું."

સજ્જનનાં જવાબનો અર્થ હું બરાબર સમજી ગયો. પેલા સજ્જન ગૃહસ્થનો જવાબ સાચો હતો. ૨૫ વર્ષથી ચાલતા આવતાં સમૂહલગ્નોની વ્યાખ્યા-ભાવ અને સમજ આપણે ભૂલ્યા છીએ. સમૂહલગ્નના કાર્યકર્તાઓ સુંદર આયોજન ગોઠવી, સમાજના ઉદાર દાતાઓ પાસેથી દાન-ભેટ મેળવી ખૂબ સારું આયોજન ગોઠવે છે. રાજકીય મહાનુભાવો, સંતો-મહંતો સમૂહલગ્ન વિષે સુંદર સમજ આપે છે. સમૂહલગ્નને પ્રોત્સાહન અને તેનો વ્યાપમાટે નામદાર સરકારશ્રી તરફથી મળતી મદદ પણ અપાવે છે. તેમ છતાં આપણે દિલ્હીના માર્ગને બદલે મુંબઈ તરફ દોડવાનું ચાલુ રાખીએ છીએ. એટલે આપણી ગતિ સમૂહલગ્નની વિરુદ્ધ દિશામાં દોડવાની બની રહી છે.

વર્ષો પહેલાં આપણા વડવાઓ ગામની પાંચ-દશ દીકરીઓને એક રસોડે જમાડી સમૂહલગ્ન જેવું વાતાવરણ ઉભું કરતાં. બધાં પોતાની દીકરીઓને પોતાના આંગણામાં લગન કરતાં અને યથાશક્તિ દાન-ભેટ કરિયાવર) આપતાં. સંતોષ અનુભવતા. એક જ દિવસેઆ કાર્યક્રમનું આયોજન થતું. એટલે સગા સ્નેહીઓનો સમય બચતો. ખોટી દોડધામ બચતી. દીકરા, દીકરીઓના માતા-પિતાને આર્થિક ભાર ઓછો થતો. સમાજ શિક્ષિત ઓછો હતો પણ સમજદારી વધારે હતી. વડીલોની આજ્ઞાનું બરાબર પાલન થતું. ચુસ્ત નીતિ-નિયમોનાં બંધનમાં રહી સામાજિક પ્રસંગો થતાં એટલે સામાન્ય માણસને તેનો સીધો ફાયદો થતો.

સમયનાં પરિવર્તન સાથે સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું. શિક્ષિત નોકરીયાતની સંખ્યા વધી. આર્થિક ઉપાર્જનમાં નોંધપાત્ર સુધારો થયો. અન્ય વ્યવસાયોમાં પોતાની સુઝ-બુઝથી સારું કમાયા. જ્ઞાતિના ઉદાર દાતાઓની સમાજ પર રહેમ દયાની લાગણી વધારે ઉદારશીલ બની. દરેક સમાજનાં ગોળ-જૂથ, મંડળો સક્રિય થયાં. શિક્ષણ અને સમૂહલગ્ન

જેવી પ્રવૃત્તિઓનો બહોળો પ્રચાર-પ્રસાર થયો. સાચે જ ઉદાર દાતાઓની સામાન્ય પ્રજા પર સીધા મદદરૂપ થવાની ભાવના દિન-પ્રતિદિન વધારે ઉદાર બનતી રહી. છતાં સમૂહલગ્નમાં જોડાનાર નવદંપતિઓના માતા-પિતાની દિશા બદલાઈ નથી. તેનાં પાયાના કેટલાંક કારણો ઉડીને આંખને વળગે તેવાં પારદર્શક છે. તે જોઈએ...

સમૂહલગ્નમાં જોડાનાર નવદંપતિઓના માતા-પિતા લગ્ન પહેલાની જે વિધિઓ હોય છે તેમાં મર્યાદા બહાર ખર્ચ કરતાં જોવા મળે છે. રૂપિયો-નાળિયેર આપવામાં ૨૫-૫૦ માણસો લઈ જવા અને જવું. હવે એક ફેશન થઈ ગઈ છે. ચૂંદડી ઓઢાડવા ઘરે જાન આવીને પરણી જાય અને જે ખર્ચ થાય. તેનાં કરતાં બમણું થઈ ગયું છે ! પહેરામણીની તો વાત કલ્પના બહારની થઈ ગઈ છે. આ બધો ઠાઠમાઠ આપણે સૌએ જોયો છે, જાણ્યો છે !

સામાન્ય પરિવારનો માનવી સમૂહલગ્નમાં જોડાયા પહેલાં પોતાના ઘેર બસો-ત્રણસો માણસનું રસોડું તો કરે જ છે. લગ્નપત્રિકા ઘણી વખત સમૂહલગ્નની આમંત્રણ પત્રિકા કરતાં પણ વિશેષ દબદબા પૂર્વકની હોય છે. મંડપ-ડી.જે., ફટાકડા, દાંડીયા-રાસ, ગરબા અને સ્વરૂચિ ભોજન આપના આગમન સુધી. આટલી પ્રવૃત્તિ અને ઠાઠમાઠ કર્યા પછી માત્ર સમૂહલગ્નમાં પરણાવવા કે પરણવા જ જવાનું ? આ બધી ક્રિયાઓ આપણે નરી આંખે જોઈએ છીએ.

સમૂહલગ્નને હવે સાચા અર્થણાં સફળ બનાવવા હોય તો મંડળના પ્રમુખ, મંત્રી કે અન્ય હોદ્દેદારોએ આ બાબતમાં ગંભીરતાથી નોંધ લેવા જેવી છે. સાથે સમૂહલગ્નમાં સામેલ થનાર લાભાર્થીએ પણ ઉપરની બાબતોની ગંભીરતાથી નોંધ લેવી જોઈએ. આ માટે મંડળે કડક આચાર સંહિતાનો અમલ કરાવવો જોઈએ. ગુજરાતના ઘણાં મંડળો જ્ઞાતિના આ બાબતના કડક નીતિ-નિયમો છે અને તે પ્રમાણે તેઓ ગંભીરતાથી વિચારે છે અને તેનો વાસ્તવિકતાથી અમલ કરે છે. સમૂહલગ્નમાં ભળવા ખાતર ભળ્યાં, કર્યું બધુ. પોતાની સ્વતંત્ર આવડત ઉપર હવે આપણે જ વિચાર કરીએ કે આ બધી પ્રવૃત્તિઓમાં આપણી સફળતા કેટલી અને કેટલી સફળ ?

સમૂહલગ્નમાં સામેલ થતાં પહેલા મંડળના પ્રમુખ, મંત્રીશ્રીએ કે હોદ્દેદારોએ સાથે મળીને આચાર સંહિતાનો કડક અમલ કરાવવો જ પડશે. તે માટે જરૂરી લાગતો નિયમ વિરુદ્ધ ચાલનાર સામે યોગ્ય કાર્યવાહી પણ કરવી પડશે. બધાં જ સમૂહલગ્નમાં સામેલ થનાર જો પરિવર્તન નહીં લાવે તો આપણી મંઝિલે આપણે ક્યારેય પહોંચી શકીશું નહીં. ભવિષ્યમાં આપણાં સમાજનાં ઉદાર દાતાઓ, ભામાશાઓની ભાવનામાં પણ ફેરફાર થશે. ત્યારે વાસ્તવિકતાથી સમૂહલગ્નમાં સામેલ થનારને પણ આર્થિક લાભ મર્યાદિત બની જશે.

આવો ! ।પણે સૌ સાથે મળીને સમૂહલગ્ન પહેલાની આપણી જે પાયાની વિધિઓ છે. તેને મર્યાદિત બનાવીએ. કરકસરયુક્ત - ગુણવત્તાસભર આયોનજ ગોઠવી, સમય અને નાણાંની બચત કરી, સાર્વત્રિક સમૂહલગ્નનો જયજયકાર કરી, તેની દિશા બદલવાં સૌ ભાગીદાર બનીએ, એ જ અભ્યર્થના.

**ભવાનભાઈ પ્રજાપતિ**
**ગુંદી (બાવળા)**





# ચારિત્ર્ય-જીવતરની મોંઘેરી મૂડી

આજે સંસારમાં એવી વ્યક્તિઓની જરૂર છે જે ધન માટે પોતાની જાતને વેચતા નથી, જેમના રોમ રોમમાં ઈમાનદારી સમાયેલી છે, જેમની અંદર સત્યનો દીપક પ્રકાશિત છે, જેમનો અંતરાત્મા દિશાદર્શક યંત્રની સોયની જેમ એક ઉજ્જવળ નક્ષત્ર તરફ જોયાકરે છે, જે સત્યને પ્રગટ કરવા માટે ગમે તેવા દુઃખનો સામનો કરતા પણ ડરતા નથી, જેઓ પોતાના નામનો ઢંઢેરો પીટ્યા વગર જ સાહસપૂર્વક કામ કરતા જાય છે. આવા માણસોની ગણતરી 'ચારિત્ર્યવાન' માણસો તરીકે થાય છે.

શરીર આભૂષણોથી શોભે છે તેમ વ્યક્તિની પ્રતિભા તેના ચારિત્ર્યથી શોભી ઊઠે છે. આથી જ ચારિત્ર્યને માનવીનું સૌથી મૂલ્યવાન આભૂષણ કહેવાયું છે, જે હંમેશ માટે સૌ કોઈને પ્રભાવિત કરે છે. આપણાં ધર્મશસાસ્ત્રોમાં પણ ચારિત્ર્યનો મહિમા સુપેરે વર્ણવાયો છે. માટે સત્યપુરુષો કહે છે કે -

When Wealth is lost,
Nothing is lost.
When health is lost,
Something is lost.
But, When Character is lost,
Everything is lost.

અર્થાત્ - ''જો ધન ગયું તો કાંઈ ગયું નથી, જો સ્વાસ્થ્ય ગયું તો કંઈ ગયું, પણ જો ચારિત્ર્ય ગયું તો સમજો બધું જ ગયું.'' સમગ્ર માનવ જીવનનો કંઈક સાર હોય તો તે છે મનુષ્યનું ચારિત્ર્ય.

જીવનમાં ગુમાવેલું ધન, દોલત વગેરે તો ફરીથી પાછું મેળવી શકાય છે, પરંતુ ગુમાવેલું ચારિત્ર્ય કોઈપણ કિંમતે પાછું મેળવી શકાતું નથી. ઉત્કૃષ્ટ ચારિત્ર્ય જ માનવ જીવનની કસોટી છે. એથી તો લોકમાન્ય તિલકે કહ્યું છે કે, સંસારમાં સચ્ચરિત્ર વ્યક્તિ જ ઉન્નતિ પ્રાપ્ત કરે છે.

વિશ્વ ઈતિહાસનાં પૃષ્ઠો વર્ણવે છે કે પ્રાચીન સમયમાં મિસર, મેસેપોટેમિયા, ચીન, ગ્રીસ, ભારત કે બીજી અનેક સંસ્કૃતિઓ વિકસી હતી પરંતુ સમયાંતરે કાળના સપાટામાં એ સંસ્કૃતિઓની ભવ્ય ઈમારતો કડડભૂસ થઈ કાળના ગર્તમાં હોમાઈ નષ્ટ થઈ ગઈ. એ સંસ્કૃતિઓનો એવો તો વિનાશ થયો કે તેની ઝલક પણ જીવંત રહી નથી, પરંતુ અનેક વિનાશકારી આક્રમણો વચ્ચે પણ ચારિત્ર્યની આધારશિલાને આધારે ભારતીય સંસ્કૃતિ આજે પણ જીવંત છે. એની બુલંદ ઈમારત આજે પણ અડિખમ ઉભી છે અને સૌ કોઈને પ્રેરણા આપે છે.

કોઈ બુલંદ ઈમારતનો પાયો જો મજબૂત ન હોય તો એ ઈમારતને ધરાશાયી થતાં વાર

લાગતી નથી. ભારતીય સંસ્કૃતિનો પાયો એવો મજબૂત નંખાયો હતો કે ધરાશાયી થવાને બદલે આજપર્યંત જીવંત રહી છે. એ પાયો ઈંટ, સિમેન્ટ કે માટીનો ન હતો પણ ચારિત્ર્યનો હતો. ચારિત્ર્યની મજબૂત આધારશીલા ઉપર આ ભવ્ય સંસ્કૃતિનો મહાલય ઊભો છે. સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, દયા, કરુણા, માનવતા જેવા સદ્‌ગુણોના ચારિત્ર્યરૂપી પાયા પર એ ટકી રહી છે. સત્ય પ્રતિજ્ઞા ખાતર જીવન જીવનારા ભીષ્મ પિતામહ, ધર્મરાજ યુધિષ્ઠિર, સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર, દયાના દેવતા મહારાજા રંતિદેવ જેવા મહાપુરુષો ભારતીય સંસ્કૃતિના પાયાની શિલાઓ બન્યા છે. તો નચિકેતા અને શ્રવણ, ભક્ત પ્રહાલદ અને ધ્રુવ, પતિવ્રતા સતી અનસૂયા અને સાવિત્રી, ભર્તુહરિ અને રાજા ગોપીચંદ, મિથિલા નરેશ જનક, ગુરુભક્ત આરુણિ તથા ઉપમન્યુ જેવાં અનેક પ્રેરક પાત્રોની ગાથાઓ અને પાયામાં ઢબૂરાઈ આજે પણ ગૂંજે છે અને યુવા સમાજને ચારિત્ર્યની પ્રેરણા આપે છે.

કોઈ કે સાચું જ કહ્યું છે કે ‘Character is a tree and reputation is like its shadow’ અર્થાત્ ચારિત્ર્ય એ વૃક્ષ સમાન છે અને પ્રતિષ્ઠા એ વૃક્ષના પડછાયા સમાન છે. તમારું ચારિત્ર્ય જેટલું દૃઢ અને મજબૂત હશે તેટલી જ તમારી પ્રતિષ્ઠા આપોઆપ મહોરી ઊઠશે. એટલે ચારિત્ર્યનું સુપેરે જતન કરો, એના ઉપર કલંકનો દાગ ભૂલેચૂકે પણ પડવા દેશો નહિ. ચિંતકો કહે છે, ‘Property may be destroyed and money com lose its Purchasing Power but Character will always be in demand under all conditions’ - એટલે કે અપાર સંપત્તિ કદાચ નાશ પામી શકે, પૈસો તેની ખરીદશક્તિ ગુમાવી શકે, પણ વ્યક્તિના ચારિત્ર્યની માંગ તો દરેક પરિસ્થિતિમાં રહેવાની જ.

સ્માઈલે લખ્યું છે કે ચારિત્ર્ય એક સંપત્તિ છે, મહામોંઘી મૂડી છે. બીજી બધી સંપત્તિઓ કરતાં પણ મૂલ્યવાન છે. બીજી સંપત્તિઓ અસ્થાયી છે, જયારે ચારિત્ર્યની સંપત્તિ તો માનવજીવનનો સ્થાયી નિધિ છે. ચારિત્ર્ય એ તો જ્યોતના તેજસ્વી પ્રકાશ સમાન છે જે કપૂરની જેમ થોડી ક્ષણોમાં ઓલવાઈ જતી નથી. આથી કહેવાયું છે કે ‘Few things can, ofen the doors of personality but only character can keep it open’- એટલે કે ભલે નાની મોટી આવડતો કે સત્તા-સંપત્તિથી પ્રતિભાનાં દ્વાર ટેમ્પરરી ખૂલે, પરંતુ તેને કાયમ ખુલ્લા રાખવા માટે ચારિત્ર્ય અનિવાર્ય છે. એટલે જ તો આપણાં ધર્મશાસ્ત્રોમાં ચારિત્ર્યનો મહિમા ગાવામાં આવ્યો છે.

ચારિત્ર્ય એ તો ભારતીય સંસ્કૃતિની સૌથી મોટી ઓળખ છે. અમેરિકામાં એક વ્યક્તિએ સ્વામિ વિવેકાનંદના ભગવા પોશાક અંગે મજાગ કરી ત્યારે સ્વામિ વિવેકાનંદે તેનો જડબાતોડ જવાબ આપ્યો કે In your Country tailors makes a mn, in our country character makes a man - તમારા દેશમાં દરજી માણસની (જેન્ટલમેનની) ઓળખ ઊભી કરે છે, અમારા દેશમાં વ્યક્તિનું ચારિત્ર્ય તેની ઓળખ ઊભી કરે છે. આ છે ચારિત્ર્યની





મહાનતા. ચારિત્ર્યવાન માણસ સર્વત્ર માન પામે છે.

મહાત્મા ગાંધીજીએ ચારિત્ર્યના પ્રકાશ વડે પરાધીનતાના અંધારાને નાથી ભારતને આઝાદી અપાવી તો સરદાર વલ્લભભાઈ પટેલની પ્રમાણિકતા અને ચારિત્ર્યના પ્રભાવ આગળ ૫૬૨ રજવાડાંના રાજવીઓ ઝૂકી ગયા હતા. આ છે ચારિત્ર્યની શક્તિ.

ભગવાન સ્વામિનારાયણે ૧૮મી સદીના અંધકારમય યુગમાં લાખો યુવાનોને ચારિત્ર્યથી અલંકૃત કર્યા હતા. એટલું જ નહિ ચોર, લૂંટારા, દુરાચારી, વ્યભિચારી, દારુ-માંસને જુગારમાં રચ્યાપચ્યા રહેનારા અગણિત જનોનું જીવન પરિવર્તન કરી શુધ્ધ માર્ગે વાળી ચારિત્ર્ય શુધ્ધ મહાન ભક્ત બનાવ્યા હતા. જોબન પગી, તખો પગી, એભલ ખાચર, શાર્દૂલ ખસિયો વગેરે આનાં ઉત્તમ ઉદાહરણો છે. ઉદેપુરના રાણી ઝમકુબા, ગઢડાનાં લાડુબા-જીવુબા તથા રાજભાઈ જેવી યુવાન સ્ત્રી ભક્તોએ વિશ્વને ચારિત્ર્યનો શ્રેષ્ઠ આદર્શ પુરો પાડ્યો છે. તો પૂજ્ય પ્રમુખ સ્વામિ મહારાજે ૯૨ વર્ષની જૈફ વયે લાખો યુવાનોનું ચારિત્ર્ય ઘડતર કરી ભક્તિના માર્ગે વાળ્યા છે.

ચારિત્ર્યના મૂલ્યની અવગણના કરનાર લંકાપતિ રાવણ, મોહાંધ, દુર્યોધન, ટાઈગર વૂડ્ઝ, ગેરી હાર્ટ, જીમી બેકરની પ્રતિષ્ઠા ધૂળમાં મળી ગઈ તો. વિશ્વામિત્ર, પારાશર જેવા મુનિઓનું નૈતિક અધઃપતન થયું. ચારિત્ર્યની ચેતનાના અભાવે આજે અમેરિકા, યુરોપ જેવા રાષ્ટ્રોના માત્ર સીમાડા જ રહ્યા છે. પશ્ચિમની સંસ્કૃતિના રવાડે ચઢેલા આજના ભારતીય યુવાનો પાન-મસાલા, ગુટા, કેફી દ્રવ્યો, નશીલા પદાર્થોનું સેવન કરી પોતાના આરોગ્યને બગાડી રહ્યા છે. સાથે સાથે ઈન્ટરનેટ, મોબાઈલ એપ્સ, ફ્રેન્ડશીપ, હોરર ફિલ્મો, પોર્ન ફિલ્મો, ગંદા જોક્સ, બિભત્સ દશ્યો વગેરે પાછળ રચ્યાપચ્યા રહી પોતાના અંતઃકરણ તેમજ ચારિત્ર્યને ખરાબ કરી રહ્યા છે.

અંતમાં આપણે સહુ આપણા વ્યક્તિત્વને શોભે તેવું જીવન જીવીએ. કહ્યું છે કે, વ્યક્તિ સુધરે તો ઘર સુધરે, ઘર સુધરે તો સમાજ સુધરે અને સમાજ સુધરે તો દેશ સુધરે, દેશ સુધરે તો વિશ્વ સુધરે. પરમ પૂજ્ય પ્રમુખ સ્વામિ મહારાજે હજારો યુવાનોને અક્ષુણ્ણ ચારિત્ર્ય દ્વારા ઉજ્જવળ પ્રતિભાનો રાજમાર્ગ ચીંધ્યો છે કે

***“નજર બદલો, નજારે બદલ જાયેંગે,***
***સોચ કો બદલો, કિનારે બદલ જાયેંગે,***
***કશ્તીઓં કો બદલને કી જરૂરત નહીં,***
***દિશા બદલો, કિનારે બદલ જાયેંગે.”***

બાહ્ય આડંબરને બદલે આપણે જો ચારિત્ર્યનો દષ્ટિકોણ દૃઢ કરીશું તો આપણો કિનારો સાચે જ બદલાઈ જશે. જીવતર સાર્થક થશે.

**શ્રી મંગળભાઈ માધવલાલ પ્રજાપતિ - (ચરાડા) કલોલ**

# પ્રજાપતિ સમાજનું ગૌરવ

## શ્રી રતિભાઈ મંછારામ મંડલી (પ્રજાપતિ) એ મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓ

શ્રી રતિભાઈ મંછારામ મંડલી (વતન-માંડલ) કે જેઓએ બી-૧૩, શિવધારા સોસાયટી, અર્બુદાનગર, મંગલમ સોસાયટીની સામે, ઓઢવ, અમદાવાદ. (મો. ૯૭૨૩૭૫૦૦૭૬) નિવાસ કરે છે. અમદાવાદની સ્કૂલમાં શિક્ષક તરીકે ઉમદા સેવાઓ આપી હાલ નિવૃત્ત થયેલ છે. તેઓને શૈક્ષણિક સંસોધન અન્વયે એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત એકલવ્ય એવોર્ડ, આઈ.આઈ.એમ. એવોર્ડ પણ એનાયત થયેલ છે. શ્રી રતિભાઈ મંડલીએ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી એ.પી.જે. અબ્દુલ કલામ સાથે પણ મુલાકાત કરેલ હતી. સમગ્ર ગુજરાતમાં સો (૧૦૦) પ્રભાવશાળી વ્યક્તિઓમાંના એક છે. શ્રી રતિભાઈ મંડલીએ લીમ્કા બુક ઓફ ઇન્ડિયા બુકમાં સ્થાન મેળવેલ છે. તેઓ તથ્ય (હાઈકુ) કવિ તરીકે ઉપનામ ધરાવે છે. આમ, શ્રી રતિભાઈ મંછારામ મંડલીની ઉપરોક્ત ઉત્તમ કારકિર્દી અને કામગીરી બદલ ગુજરાત પ્રજાપતિ સમાજ તેમને હાર્દિક શુભકામના પાઠવે છે.

## શ્રી ભરતભાઈ સી. પ્રજાપતિ

## શ્રીમતી મનીષાબેન પી. પ્રજાપતિ

તાજેતરમાં પાટડી કડવા પાટીદાર હોલમાં યોજાયેલ એક કાર્યક્રમમાં સુરેન્દ્રનગર જિલ્લા ભા.જ.પ.ના પ્રમુખ શ્રી દિલિપભાઈ પટેલની આગેવાનીમાં પાટડી તાલુકા અને શહેર ભા.જ.પ.ના હોદ્દેદારોની વરણી કરવામાં આવી. જેમાં પાટડી શહેર ભા.જ.પ.ના મંત્રી તરીકે પાટડીના શ્રી ભરતભાઈ છોટાલાલ પ્રજાપતિની તથા પાટડી તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ભા.જ.પ.ના મંત્રી તરીકે ધામાના વતની શ્રીમતિ મનીષાબેન પંકજકુમાર પ્રજાપતિની નિયુક્તિ કરવામાં આવી.

શ્રી પાટડી પ્રજાપતિ કેળવણી ઉત્તેજક મંડળ તથા શ્રી અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ પાટડી તાલુકા સમિતિના તમામ હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ તથા પાટડી ગામ તથા પાટડી તાલુકાના તમામ પ્રજાપતિ બંધુઓ બંને હોદ્દેદારશ્રીઓને અભિનંદન પાઠવી ગૌરવની લાગણી અનુભવે છે.

બન્ને હોદ્દેદારશ્રીઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે અને સમાજને ઉપયોગી બને એવી શુભકામના...

**સંકલન : પ્રમુખશ્રી, છોટાલાલ અંબાલાલ પ્રજાપતિ**
**પાટડી પ્રજાપતિ કેળવણી ઉત્તેજક મંડળ, પાટડી.**





# સમૂહલગ્નમાં પણ ભ્રષ્ટાચાર

કાયદા અનુસાર હિન્દુ લગ્ન માટે જે શરતો છે તે પૈકી એક શરત એવી છે કે લગ્ન વખતે પક્ષકારોમાંથી કોઈનું લગ્નસાથી હયાત હોવું જોઈએ નહિ. આ રીતે જો એ વ્યક્તિની પત્ની કે પતિ હયાત હોય તો એ વ્યક્તિને બીજું લગ્ન કરવા અધિકાર નથી. લગ્નસાથીથી છૂટાછેડા મેળવ્યા પછી કે લગ્નસાથીના મરણ પછી જ એ વ્યક્તિ ફરીથી બીજું લગ્ન કરી શકે. કાનૂની માર્ગ અપનાવનારે આ રીતે રહેવું જોઈએ.

પરંતુ આપણા દેશમાં ગમે તે લાભ લેવા લોકો કાનૂનનો માર્ગ ગમે ત્યારે છોડી દેવા તૈયાર થતા જોવામાં આવે છે. કાયદો કરતાં ફાયદો શબ્દ ઘણાને ગમે છે ! બાળલગન વિરોધી કાનૂન હોવા છતાં આપણા દેશનાં ઘણાં રાજ્યોમાં બાળલગ્નની શહેનાઈઓ અવારનવાર સંભળાય છે. લગ્ન શબ્દની સાચી સમજ ન હોવા છતાં અસંખ્ય વર કે કન્યા લગ્નની સાંકળથી બંધાય છે. ઘણા વાલીઓ પોતાની વહાલી દીકરીને તેના સાસરે ધકેલીને હાશ અનુભવવા પ્રયત્ન કરે છે.

લગ્ન જેવા પવિત્ર સંબંધને ભ્રષ્ટાચાર સાથે કોઈ સંબંધ નથી. સમૂહલગ્નમાં સમારંભ તો વધુ પ્રેમ અને વધુ યોજનાના આધાર ગોઠવાય છે. તેમાં ભ્રષ્ટાચારની કલ્પના પણ કેવી રીતે થઈ શકે ? સમૂહલગ્નમાં પણ ભ્રષ્ટાચાર ઘુસી ગયો છે એવી ન કહેવાય એવી વાત કહેનાર ઇન્ડિયા ટુડેના પત્રકાર પ્રેરણા ઠાકુર દેસાઈને અભિનંદન આપવા જોઈએ !

બીજાની મિલકત ઉપર મજાથી રહેવું - એ ઘણાને ગમે છે. બેગાની શાદીમાં અબ્દુલ્લા દીવાના - એમ સમૂહલગ્નનું આયોજન કરીને પણ ધનપતિ થઈ શકાય એવું કેટલાક માણસો સાબિત કરી ચૂક્યા છે !

ઉપરોક્ત પત્રકારે નોંધ કરી છે તે મુજબ મહારાષ્ટ્ર રાજ્યના સોશિયલ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ તરફથી સને ૨૦૦૩ના ડિસેમ્બર માસમાં કન્યાદાન યોજના બહાર પાડવામાં આવી હતી. પછાત વર્ગના અને પછાત જાતિના જે લોકો પોતાની સ્થિતિ મુજબ લગ્નપ્રસંગનો ખર્ચ ઉપાડી શકે તેમ ન હોવાથી તેમને માટે રૂા.૨.૨૦ કરોડથી રૂા.૫ કરોડની સગવડ કરીને તેમના સમૂહલગ્ન ગોઠવ્યાં હતાં. સરકારે નવા યુગલને રૂા.૧૦,૦૦૦નું મંગળસૂત્ર અને કપડાં-વાસણ વગેરે વસ્તુઓની ભેટ આપવાનું નક્કી કર્યું હતું. આ માટે છેલ્લા વર્ષમાં ૯૨૭ લગ્નોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેની નોંધ લેવા અને તે પ્રસંગ પ્રગટ કરવા ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડને પણ જણાવવામાં આવ્યું હતું. આ સમૂહલગ્નનો શુભ આશય કબુલ કરવો જોઈએ, પરંતુ તેમાં પણ આયોજકોનો કોઈ લાભ લેવાનો ઈરાદો હોય તો તે અંગે શું કહેવું ?

ઉપરોક્ત સમૂહલગ્નો અંગે પાછળથી ઊભા થયેલા પ્રશ્ન અંગે તપાસ થતાં એવું પણ બહાર આવ્યું હતું કે, ગઢચીરોલી મુકામે આ રીતે માર્ચ મહિનામાં પણ સમૂહલગ્ન થયાં હતાં, પરંતુ એ લગ્નો પૈકી ૬૦ ટકા યુગલ તો અગાઉથી જ પરણેલાં હતાં ! એ વખતે લગ્ન કરનાર પુનેશ ગિરિધર નામનો ૩૦ વર્ષનો ગુરુવાલા ગામનો રહીશ સને ૨૦૦૨માં પરણ્યો હતો.

કેટલાક વહીવટી અધિકારીઓએ તેના ગામની મુલાકાત લઈને તપાસ કરી હતી. ત્યારે એ બધાં નામની જાણ તેમને થઈ હતી. તે યુગલોએ કબૂલ કર્યું હતું કે, અમને ફરીથી આ રીતે લગ્ન કરવામાં ફાયદો થયો છે ! આ લગ્ન વખતે અમારાં બાળકો પણ આ લગ્નમાં હાજર હતાં ! પાંચ વર્ષની અને બે વર્ષની એમ બે છોકરીઓના એક પિતાએ કબૂલ કર્યું હતું કે આ રીતે ૧૦ યુગલનાં ફરીથી લગ્ન કરવામાં આવ્યાં હતાં ! જેમનાં ત્રણ વર્ષ અગાઉ લગ્ન થયેલાં અને એ લગ્નથી જેમને એક વર્ષની છોકરી પણ હયાત છે એવા મિ. સંતોષ માંડવી અને તેની પત્ની તનીજાએ એ લગ્ન સમારંભમાં ફરીથી લગ્ન કર્યા હતા ! તેઓ બંને ઉરંડી ગામમાં રહે છે. તેઓ આ રીતે નવેમ્બર, ૨૦૦૬માં ફરીથી પરણ્યાં હતાં. ચાર વર્ષનો જેમનો છોકરો છે એવા ૩૧ વર્ષના પોટેગાંવ ગામના લેખચંદ અને તેની પત્ની મીનાતાઈએ પણ આ જ રીતે ફરીથી લગ્ન કર્યા હતાં.

હકીકતમાં, આવાં સમૂહલગ્નો કરવાની યોજના સરકારે બહાર પાડી હતી અને સમૂહલગ્નના સમારંભો ગોઠવતા જે તે જિલ્લાના અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. આ સમારંભમાં લગ્ન કરનાર યુગલોને મિનિસ્ટરના હાથે ઈનામ મળ્યું હતું. કન્યાને મંગળસૂત્રનો લાભ મળતો હતો. લગ્ન કરનાર યુગલે રૂા.૧૦,૦૦૦નો પુરસ્કાર મળતો હતો. લગ્ન અંગેની અરજી/સોગંદનામાં જે તે વહીવટી અધિકારીઓએ તાપસવાનાં હતાં, પરંતુ તે અંગે કાં તો વધુ ધ્યાન આપવામાં આવતું નહોતું કાં તો વધુ લગ્નનાં આંકડા બતાવવા વહીવટી અધિકારીઓ મશગૂહલ હતા. સોશિયલ જસ્ટિસ ડિપાર્ટમેનટ તરફથી ઓછામાં ઓછા ૧૦૦ લગ્ન થાય તેવી યોજના ઘડી કાઢવામાં આવતી હતી અને તે માટે આ રીતે લગ્ન કરેલ હોય તેવા યુગલોનાં નામ પણ લખી નાખવામાં આવતાં હતાં. આ અંગે થયેલા ખર્ચ અંગે વધુ ગંભીરતાથી કોઈ ઑડિટ કરવામાં આવતું નહોતું. આ રીતે ૧૧,૧૩૨ લગ્ન કરવામાં આવ્યાં હતાં અને રૂા.૧૨.૭૭ કરોડનો ખર્ચ સરકારે કર્યો હતો. એટલે કે દર યુગલે રૂા.૧૧,૦૦૦/-નો ખર્ચ થયો હતો. લગ્ન કરવાં મુશ્કેલ છે ત્યારે સરકારના ખર્ચે લગ્ન કરી કે કરાવીને આવક ઊભી કરવાનું પણ ખણાએ નક્કી કર્યું હશે. ભેટ મળેલી વસ્તુઓની કિંમત પણ સાચી બતાવી નહોતી. આયોજકોએ રૂા.૪,૦૦૦/-નાં વાસણો ભેટમાં આપ્યાં હોવાનો દાવો હતો, પરંતુ પોતાને રૂા.૧૬૦૦/- થી વધારે કિંમતનાં વાસણો મળ્યાં નથી તેવી ફરિયાદ લગ્ન કરનાર શિવરામે કરી હતી. વધુમાં, લગ્નના ખર્ચ પેટે યુગલો પાસેથી જ રૂા.૧૫૦૦/- લીધા હોવાનું બહાર આવ્યું હતું. સામાજિક ન્યાય વિભાગના ડેપ્યુટી સેક્રેટરીએ એવું જણાવ્યું હતું કે, વિદર્ભ જિલ્લાના ત્રણ લાખ કુટુંબીઓ ગરીબીના કારણે પોતાની દીકરીઓનાં લગ્ન કરી શકતા નથી ત્યારે આવી યોજનાની જરૂર છે. આપણે પણ કહી શકીએ કે આવી, કહેવાતી લાભદાયક સરકારી યોજનાઓમાં પ્રામાણિકતા પણ તેમની સાથે હો ! કાનૂન વધુ અસરકારક બને તે પહેલાં આયોજકોએ તો ચેતી જવું જોઈએ !

**સી. એ. ઓઝા 'મહેસાનવી'**





# બાળ વાર્તા : ઊંદર બાંડો !

મારું નામ મંજરી.

અમારું ઘર સરસ હતું. પણ ઉંદરોનો ઉપદ્રવ ખરો. એટલે ઉંદર પકડવાનું પિંજર ઘરમાં રખાયું એમાં પૂરાયેલા ઉંદરોને દૂર ગામ બહાર છોડી દેવાતા...

એક સવારે મારી દીકરી હીરલ કુતૂહલથી પેલાં પિજરામાં જોઈ રહી ! કહે - મમ્મી ! જો તો ખરી, પિંજરમાં આજે એક બાંડો ઉંદર પૂરાયો છે ! એની પૂંછડી જ નથી...કેમ કપાઈ ગઈ હશે ?

મેં પણ જોયું ઉંદર કપાયેલી પૂંછડી વાળો બાંડો હતો...

હું એ ઉંદરને જોતી થોડી ક્ષણો સ્તબ્ધ બેઠી રહી...

પછી તરત મેં પિંજરનું બારણું ખોલી નાખ્યું ! મમ્મી ! શું કરે છે તું ? ઉંદર બહાર નીકળી જશે ! - હીરલ પૂછી રહી.

અને ઉંદરતો બહાર નીકળીને સડસડાટ ઘૂસી ગયો ઘરમાં જ ક્યાંય !

મમ્મી ! મમ્મી ! બાંડો ઉંદરડો પાછો ઘરમાં જ છુપાઈ ગયો ! હીરલને મારું વલણ જરાય સમજાયું નહીં. !

હીરલ તો રમવા ચાલી ગઈ બહાર અને હું ચાલી ગઈ ભૂતકાળમાં !

સામી આવી ઉભું મારું એ બાળપણ...પપ્પાને અમે સૌ હીરાભાઈ કહેતાં. રાત્રે જમીને અમે સૌ છોકરાંઓ ઘેરી વળતાં હીરાભાઈને !

હીરાભાઈ ! વાર્તા કહોને !

થાક્યા હોય કે કોઈ કામમાં વ્યસ્ત હોય; તો પણ માયાળુ પપ્પા હીરાભાઈ અમારી માગણીને ક્યારેય ઠેલતા નહીં...

બાળકોને હીરાભાઈની વાર્તાઓ સાંભળવી બહુ જ ગમતી...તેમાંયે એક વાર્તા તો અમારી ફેવરીટ હતી - ઉંદર સાત પૂંછડિયાવાળો ! હા, સાત પૂંછડીવાળા ઉંદરની વાર્તા... એ વાર્તા અમે અવાર નવાર ખાસ ઉઘરાણી કરીને સાંભળતા.

દરેક વખતે જરા પણ કંટાળ્યા વિના હીરાભાઈ સાત પૂંછડી વાળા ઉંદરની વાર્તા હીરાભાઈ એમની આગવી ઢબે સંભળાવતા...

યોગનુંયોગ હીરાભાઈની અમે સાત દીકરીઓ...

હાં, અમે સાત દીકરીઓ.

ક્રમે ક્રમે અમારાં લગ્ન થતાં ગયાં... છ બહેનો પરણી ગઈ. હું સાતમી, છેલ્લી...અને આખરે મારાં પણ લગ્ન થયાં.

ઢોલ, શરણાઈ, લગ્ન ગીતો, વિદાયગીત અને વિદાયવેળાનું ટાણું...

બધાં સ્વજનોને, એક પછી એકને બાઝીને હું અઢળક રોઈ.

છેલ્લે, બાપની - હીરાભાઈની - છાતીમાં માથું ઘાલીને હું ધ્રૂસકે રડી !

હીરાભાઈની આંખોમાં દરિયાની વ્યાખ્યા જેવી ભીનાશ ઝળહળતી રહી...

મારી પીઠે ફરતો બાપનો હાથ, જાણે વિદાય ગીતોનો ગ્રંથ !

હું એમની છાતીથી અળગી થઈ ત્યારે હીરાભાઈ ડૂમાભર્યા કંઠેથી માત્ર આટલું જ બોલી શક્યા હતા - સાત પૂંછડિયાળો ઉંદર આજે બાંડો થઈ ગયો !

હાર્દિક શુભેચ્છા સહ...

**ડૉ. નંદકિશોર કુમાવત**
(પ્રજાપતિ)
M.D. (Pediatrics)
Pediatrician & Neonatologist
M. 9924388577, 8000312090

**ડૉ. વૈશાલી એન. કુમાવત**
(પ્રજાપતિ)
M.D. (Pediatrics)
Asst. Proff. U.N. Mehta
Cardiology, Institute Civil
Hospital, Ahmedabad.

# ગીતાંજલી ચિલ્ડ્રન હોસ્પિટલ

**સવારે ૧૧-૩૦ થી ૧-૩૦ અને સાંજે ૭-૦૦ થી ૯-૦૦**
**પહેલો માળ, માનસરોવર કોમ્પલેક્ષ, જીવણવાડી તથા પંચમ મોલની પાસે,**
**નિકોલ ગામ રોડ, નિકોલ, અમદાવાદ.**
**ફોન : (૦૭૯) ૨૯૨૯૨૧૦૫**

**: ઉપલબ્ધ સુવિધાઓ :**
(૧) લેવલ-૧ અને લેવલ-૨ એન.આઈ.સી.યુ. ની સુવિધા
(૨) ફોટોથેરાપી તથા નેબ્યુલાઈઝર
(૩) વેલબેબી ક્લિનીક
(૪) અસ્થમા અને રેસ્પેરેટીરી ક્લીનીક
(૫) સ્પે. રૂમની સુવિધા
(૬) ચાઈલ્ડ ન્યુરો ક્લીનીક
(૭) અદ્યતન રસીકરણ કેન્દ્ર
(૮) સેન્ટ્રલ લાઈન ઓક્સિજન સુવિધા
(૯) મેડીક્લેઈમની સુવિધા
(૧૦) ૨૪ કલાક મેડીકલ ઓફિસરની સુવિધા

**• શુભેચ્છક •**

**ડૉ. પ્રશાંત એન. સોલંકી**
(પ્રજાપતિ)
M.D. (Anaethesiologist)
Consaultant Anaesthetist
M. 9924198866

**ડૉ. શ્વેતા પ્રશાંત સોલંકી**
(પ્રજાપતિ)
B.D.S., Lecturer,
A.M.C. Dental College, Ahmedabad.

**ડૉ. નિમેષ જે. પ્રજાપતિ**
M.D. (Anaethesiologist)
Shalby Hospital, Ahmedabad.

9 x 2017



# પ્રજાપતિ

(મુખપત્ર)

સ્વ. જીવન ગ. પ્રજાપતિ (આદ્યતંત્રી)

વર્ષ : ૯૫ | અંક : ૧૨ | માર્ચ-૨૦૧૭

ગુજરાત પ્રજાપતિ સમાજ
C/o. ગુજરાત પ્રજાપતિ છાત્રાલય, ડ્રાઈવ-ઈન રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોન નંબર (છાત્રાલય) : ૨૭૪૫૩૬૧૨

**: સંપાદક મંડળ :**
પ્રિ. ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ
ડૉ. રમેશ આ. ઓઝા
શ્રી ગોપાળભાઈ ઉ. પ્રજાપતિ
શ્રી ભુપેન્દ્રભાઈ એન. ધોળકિયા
શ્રી ડી. ડી. કાતરીયા
શ્રી પ્રહલાદભાઈ જો. પ્રજાપતિ
શ્રી પ્રકાશભાઈ કે. પ્રજાપતિ
શ્રી જયંતિભાઈ એ. દલવાડી

## અનુક્રમણિકા

૧. તંત્રી લેખ ........ ૫
૨. આવકાર અભિનંદન ........ ૬
• આજીવન સભ્યોનું સ્વાગત
• કાયમી મિષ્ઠાન તિથિ ભોજનદાન
૩. અભિનંદન ........ ૧૧
૪. દર વર્ષે પ્રસિદ્ધ થતી કાયમી તિથિ ભોજન દાનની યોજના ........ ૧૩
૫. પ્રજાપતિ સમાજનું ગૌરવ ........ ૧૯
૬. સંસ્થા સમાચાર ........ ૨૫
૭. આપણા સમૂહલગ્નોની દોડ ખોટી નહીં, ........ ૩૯
૮. ચારિત્ર્ય જીવનની મોંઘેરી મૂડી ........ ૪૩
૯. સમૂહલગ્નમાં પણ ભ્રષ્ટાચાર ........ ૪૮
૧૦. બાળ વાર્તા : ઊંદર બાંડો ! ........ ૫૦

# BIO-DATA



| | | |
|---|---|---|
| Name | : | **Aalap Natvarbhai Prajapati** |
| Mobile | : | 95 376 93235 |
| E-mail | : | aalap.prajapati@gujaratterce.com |
| Address | : | 34, Raghukul Bungalows, Opp. Gulab Towers, Sola Road, Thaltej, Ahmedabad - 54 |
| Phone | : | 079-27480662 |
| Birth Date | : | 29-11-1988 at 17.45 p.m. At Talod (S.K.) |
| Height | : | 5' - 10 " |
| Weight | : | 80 Kg |
| Education | : | B. E. (E. C.) - MBA |
| Native Place | : | Lunasan, Tal.: Kadi (Present - Ahmedabad) |
| Gor | : | Khakharia 66 |
| Job/Profession | : | Self Employed |

**Family Background :**

| | | |
|---|---|---|
| Father | : | Natvarbhai P. Prajapati (MD-Gujarat Terce Lab. Ltd.) |
| Mobile | : | 98 790 86374 |
| Email | : | jnjb34@gmail.com |
| Mother | : | Shobhnaben Prajapati (B. A., B. Ed.) |
| Mobile | : | 87 586 43622 |
| Sister | : | Shachi Prajapati (B. Pharm - MBA) - Married |
| Mobile | : | 99 090 16374 |
| E-mail | : | shachi.prajapati@gmail.com |




Vinayak Orthopaedic Hospital

Dr. Vinayak Oza
M.S. (Ortho)
Orthopaedic Surgeon

Dr. Urvashi Oza
M.B.B.S.



Advance A.O. Technic For Fracture Fixation.
Spinal Canal Disorder, Hand Surgery.
Advance Joint Replacement Center

Shah Super Market, Mahendra Mill Road, Kalol. Ph.:02764-222154

Best Wishes :
*Karasanbhai G. Oza (Langnej)*

12 x 2017

શુભપ્રસંગ, ધાર્મિક ઉત્સવ, શૈક્ષણીક તેમજ સંસ્થા, ક્લબો, મંડળો કે અન્ય પ્રસંગોએ વિવિધ મનોરંજન કાર્યક્રમો જેવા કે

● ડાયરો ● લગ્ન ગીતો ● રાસ-ગરબા ● સંગીત સંધ્યા ● જૈન સ્તવનો ● અંતાક્ષરી ● મ્યુઝીક્લ પાર્ટી ● હાસ્ય દરબાર ● હિન્દી હાસ્ય કવિ સંમેલન તેમજ અન્ય કાર્યક્રમો સમગ્ર ભારત અને ભારતની બહાર ગોઠવવા માટે સંપર્ક કરો

**બીના પ્રજાપતિ**

૫, રાજેન્દ્રપાર્ક સોસાયટી, ગૌરી સિનેમા પાસે, ઓઢવ, અમદાવાદ.
Mo. : 98257 22618, 73834 92313

12x2017